RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 334* Date: 01.10.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### દિલ્હી-મુંબઈ ગ્રીન એક્સપ્રેસ વે

## ગુજરાતના વિકાસને નવી ચેતના મળશે

મુંબઈ , તા.૩૦

ગ્રીન એક્સપ્રેસ વે માર્ચ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની યોજના છે. દિલ્હીથી વડોદરા વિભાગ માટે ૧૫,૦૦૦ હેક્ટર વિસ્તાર માટે જમીન સંપાદન કામગીરી એક વર્ષથી ઓછા સમયમાં પૂર્ણ કરવામાં આવી છે.તદુપરાંત એક્સપ્રેસવેની બંને બાજુ એટલી ખુલ્લી જગ્યા રાખવામાં આવી છે કે ભવિષ્યમાં તેને ૧૨ લેન સુધી વધારી શકાય.હાલના તબક્કે જે ગતિથી કામ ચાલી રહ્યું છે તે જોતાં રાજસ્થાનમાંથી ૩૮૦ કિ.મી., મધ્ય પ્રદેશમાંથી ૩૭૦ કિ.મી., ગુજરાતમાંથી ૪૨૩ કિ.મી., મહારાષ્ટ્રમાંથી ૧૨૦ કિ.મી. અને હરિયાણામાંથી ૮૦ કિ.મી.માંથી પસાર થનારો 'ગ્રીન હાઈવે' માર્ચ-૨૦૨૩માં પૂર્ણ કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે.કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો એ કરોડરજ્જુ સમાન હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ સમગ્ર દેશમાં માર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જે નવા ભારતના નિર્માણમાં ધોરીનસ સમાન પુરવાર થશે. આપણે વાત કરીશું ગુજરાત સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ વે ની (હ્રસ્ઈ). નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા અંદાજે રૂ. ૯૮ હજાર કરોડના ખર્ચે તૈયાર થઇ રહેલો આ ૧૩૮૦ કિલોમીટર લાંબો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ વે હશે. આ એક્સપ્રેસ વે દેશની રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આર્થિક રાજધાની મુંબઈને જોડશે. હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થતા આ એક્સપ્રેસ વેમાં જયપુર, કિશનગઢ,અજમેર, કોટા, ચિત્તોડગઢ, ઉદયપુર, ભોપાલ, ઉજ્જૈન, ઈન્દોર, અમદાવાદ, વડોદરા, સુરત શહેરની આર્થિક પ્રવૃત્તિઓ સાથે લાખો લોકો માટે આર્થિક સમૃદ્ધિ લાવશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ન્યૂ ઈન્ડિયાની સંકલ્પના કરવામાં આવી છે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે ના કામની શરૂઆત માર્ચ-૨૦૧૯ માં કરવામાં આવી હતી. ૧૩૮૦ કિલોમીટરમાંથી ૧૨૦૦ કિલોમીટરથી વધુ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે. અને કામો પ્રગતિમાં છે. તેની અગત્યની કડી રૂપે ગુજરાતમાં ૪૨૩ કિલોમીટરનો એક્સપ્રેસ વે કુલ રૂ. ૩૫,૧૦૦ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે, જેમાંથી ૩૯૦ કિમીના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે અને બાકીનું પેકેજ ટૂંક સમયમાં આપવામાં આવશે. ગુજરાત દેશનું મોટું આર્થિક કેન્દ્ર છે. દાહોદ, લીમખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત અને વલસાડ સહિત અન્ય શહેરોને કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રાજ્યભરમાં અનેક ઈન્ટરચેન્જની યોજના છે.



આ એક્સપ્રેસ વે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે દ્વારા રાજ્યની રાજધાની સાથે પણ જોડાશે. ગુજરાતમાં ૬૦ મોટા પુલ, ૧૭ ઈન્ટરચેન્જ, ૧૭ ફ્લાયઓવર અને ૮ આર. ઓ.બીનું નિર્માણ કરવામાં આવનાર છે. ગુજરાત રાજ્યમાં આ કોરિડોરની મુખ્ય વિશેષતા એ છે કે દિલ્હી-વડોદરા વિભાગમાં ટકાઉ ડિઝાઈન સાથે આયોજિત નવીન પેવમેન્ટ ડિઝાઈન અને એક્સપ્રેસ-વે ને ટકાઉ બનાવવા માટે આબોહવાની પરિસ્થિતિઓના આધારે વડોદરા-મુંબઈ વિભાગ માટે કોંક્રિટ પેવમેન્ટ ડિઝાઈન કરવામાં આવી છે. બે કિ.મી લાંબો એક્સ્ટ્રાડોઝ કેબલ સ્પાન બ્રિજ, ભરૂચ નજીક નર્મદા નદી પર એક આઈકોનિક બ્રિજ એક્સપ્રેસ વે પર બાંધવામાં આવતો ભારતનો પ્રથમ ૮ -લેન પુલ હશે. ભરૂચ શહેર નજીક આઈકોનિક ઈન્ટરચેન્જ સાથે દેશમાં એક્સપ્રેસ -વે વિકાસની ઓળખને નવી ગતિ આપશે. રાજ્યમાં રોજગારીની તકો ઊભી કરવા તેમજ મુસાફરી માટે વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાતમાં ૩૩ રોડસાઈડ સુવિધાઓ (WSAs) નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## અમે લોકોને મરવા માટે છોડી શકતા નથી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી , તા.૩૦

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ એમ આર શાહ અને ન્યાયમૂર્તિ એ એસ બોપન્નાની ખંડપીઠે જણાવ્યું હતું કે સીબીઆઈએ જપ્ત કરેલા ફટાકડામાં બેરિયમ સોલ્ટ જેવા હાનિકારક કેમિકલ મળી આવ્યા હતાં. કોર્ટે જણાવ્યું હતું કે હિંદુસ્તાન ફાયરવર્ક્સ અને સ્ટાન્ડર્ડ ફાયરવર્ક્સે જેવા ફટાકડા નિર્માતાઓએ મોટા પ્રમાણમાં બેરિયમ ખરીદ્યું અને ફટાકડામાં તેનું મોટા પ્રમાણમાં ઉપયોગ પણ કર્યો. ખંડપીઠે સીબીઆઇ, ચેન્નાઈના સંયુક્ત નિર્દેશકના અહેવાલના સંદર્ભમાં પોતાનો ંફક્ષ રાખવા માટે નિર્માતાઓને વધુ એક તક આપી છે. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા છે કે સીબીઆઈની પ્રાથમિક તપાસના અહેવાલની એક નકલ ગુરૂવાર સુધીમાં તમામ વકીલોને ઉપલબ્ધ કરાવવામાં આવે. અમે લોકોને મરતા છોડી શકતા નથી. આ કેસની ઓગામી સુનાવણી ૭ ઓક્ટોબરના રોજ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૯થી બેરિયમના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. આમ છતાં ફટાકડા નિર્માતાઓએ મોટા પ્રમાણમાં આ કેમિકલની ખરીદી કરી હતી,. ગયા વર્ષે ત્રીજી માર્ચે સુપ્રીમ કોર્ટે સ્ટાન્ડર્ડ ફાયરવર્ક્સ, હિંદુસ્તાન ફાયરવર્ક્સ, વિનાયગા ફાયરવર્ક્સ ઈન્ડસ્ટ્રીઝ, શ્રી મરિયામ્માન ફાયરવર્ક્સ, શ્રી સૂર્યકલા ફાયરવર્ક્સ અને સેલવા વિનયાગર ફાયરવર્ક્સને સુપ્રીમ કોર્ટના આદેશનો અમલ ન કરવાના કારણો રજૂ કરવા જણાવ્યું હતું.ફટાકડા બનાવવામાં ઉપયોગમાં લેવાતા ઝેરી રસાયણોના ઉપયોગ અંગે સીબીઆઇનો રિપોર્ટ ગંભીર છે અને અમે લોકોને મરવા માટે છોડી શકતા નથી તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બેરિયમના ઉપયોગ અને ફટાકડા પર લેબલ લગાવવા અંગે સુપ્રીમ કોર્ટના આદેશનો ભંગ કરવામાં આવ્યો છે.

### પંજાબ રાજકારણમાં ગરમાવો

## અમરિન્દર અમિત શાહને મળતા ભાજપમાં જોડાવાની અટકળો



નવી દિલ્હી , તા.૩૦

પંજાબમાં આગામી વર્ષના પ્રારંભમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે અમિરન્દર સિંહ ભાવી યોજનાઓ અંગે શું નિર્ણય લે છે તે ચર્ચાનો વિષય બન્યા છે. કેપ્ટન અમરિન્દરે બુધવારે સાંજે ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત લેતાં તેમની ભાજપમાં જોડાવાની અટકળોએ જોર પકડ્યું છે. જોકે, અમરિન્દર સિંહે આ મુદ્દે કોઈ જાહેરાત કરી નથી. પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ અમિત શાહ સાથે કૃષિ કાયદાઓ મુદ્દે ચર્ચા કરી છે. કેન્દ્ર સરકાર નવા કૃષિ કાયદાઓ પરત ખેંચે નહી ત્યાં સુધી અમરિન્દર માટે ભાજપમાં પ્રવેશ કરવો મુશ્કેલ બનશે. અમરિન્દર સિંહ છેલ્લા એક વર્ષ કરતાં વધુ સમયથી સતત કૃષિ કાયદાઓનો વિરોધ કરતા આવ્યા છે. તેઓ હંમેશાથી કૃષિ કાયદાના વિરોધી રહ્યા છે. આથી કૃષિ કાયદાઓ પાછા ખેંચાયા વગર જો અમરિન્દર ભાજપમાં જોડાશે તો તેમને જ વધુ નુકસાન થશે.પંજાબના મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપ્યા પછી પહેલી વખત દિલ્હી આવેલા કેપ્ટન અમરિન્દર સિંહે બુધવારે સાંજે ભાજપ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ બેઠક સાથે જ કેપ્ટન અપમાનનો બદલો લેવા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાશે તેવી અટકળોનું બજાર ગરમ થઈ ગયું હતું. અમિત શાહ અને અમરિન્દર સિંહ વચ્ચે લગભગ ૪૫ મિનિટ સુધી બેઠક ચાલી હતી. અમરિન્દરે ટ્વીટ કરીને જણાવ્યું કે તેમણે ગૃહમંત્રી શાહ સાથે કૃષિ કાયદા પરત લેવા, પંજાબમાં આંતરિક સલામતી મુદ્દે ચર્ચા કરી હતી. અમિત શાહ અને અમરિન્દર સિંહ વચ્ચે ટૂંક સમયમાં વધુ એક બેઠક થઈ શકે છે અને આ સાથે વડાપ્રધાન મોદી સાથેની બેઠકમાં ફાઈનલ વ્યૂહરચના તૈયાર થઈ શકે છે. વધુમાં અમરિન્દર કોંગ્રેસ હાઈકમાન્ડથી નારાજ જી-૨૩ નેતાઓને પણ મળશે તેમ માનવામાં આવે છે. જોકે, અમરિન્દરે હજુ સુધી કોઈ સ્પષ્ટ સંકેત આપ્યા નથી. તેમણે પોતાના માટે બધા જ વિકલ્પો ખૂલ્લા રાખ્યા છે. સૂત્રો મુજબ અમરિન્દર કોંગ્રેસથી છેડો ફાડે અને ભાજપમાં ન જોડાય તો તેઓ અલગ પક્ષની પણ રચના કરી શકે છે. જો એમ થાય તો પણ ભાજપને ફાયદો થશે. ભાજપ પંજાબમાં કેપ્ટન અમરિન્દરને બહારથી ટેકો આપી શકે છે. બીજીબાજુ અમિત શાહ સાથેની બેઠક મુદ્દે સ્પષ્ટતા કરતાં અમરીન્દર સિંહે ટ્વીટ કરીને કહ્યું કે ગૃહમંત્રી સાથે તેમને ખેડૂત આંદોલન અંગે ચર્ચા થઈ હતી.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## પાકિસ્તાન ખાતે યોજાનારા આતંકવાદ વિરોધી અભ્યાસમાં હિસ્સો લેશે ભારત

નવી દિલ્હી , તા.૩૦

તાજેતરમાં જ વડાપ્રધાન મોદીએ શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ) શિખર સંમેલનને સંબોધિત કરીને કટ્ટરપંથ અને ઉગ્રવાદ વિરૂદ્ધ લડવા માટે આહ્વાન કર્યું હતું. એસસીઓમાં ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિજિસ્તાન, તાઝિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ભારત અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. આ સંગઠનનો ઉદ્દેશ્ય નસ્લીય અને ધાર્મિક ચરમપંથનો સામનો કરવાનો અને વ્યાપાર-રોકાણ વધારવાનો છે. એક રીતે જીર્ઝ અમેરિકી પ્રભુત્વવાળા નાટોને રશિયા અને ચીન તરફથી જવાબ હતો. પાકિસ્તાન ખાતે ૩ ઓક્ટોબરના રોજ યોજાનારા શાંઘાઈ સહયોગ સંગઠનના આતંકવાદ વિરોધી અભ્યાસમાં ભારત પણ સહભાગી બનશે. આ અભ્યાસમાં ભાગ લેવા માટે ભારત તરફથી ૩ સદસ્યોની એક ટીમ પાકિસ્તાન જશે. પાકિસ્તાનના નૌશેરા જિલ્લાના પબ્બી ખાતે ૩ ઓક્ટોબરના રોજ એસસીઓ રીજનલ એન્ટી ટેરરિઝમ સ્ટ્રક્ચર (RATS)ની આગેવાનીમાં આ આતંકવાદ વિરોધી એક્સરસાઈઝ આયોજિત કરવામાં આવી રહી છે. આ અભ્યાસનો ઉદ્દેશ્ય છે કે, SCO સદસ્ય દેશો વચ્ચે આતંકવાદના વિરોધમાં આંતરિક સહયોગ વધે. આ તરફ ભારત સરકારનું માનવું છે કે, આ એક્સરસાઈઝમાં તેમની ભાગીદારીથી તેમનો પાકિસ્તાન વિરૂદ્ધનો સરહદ પાર આતંકને પોષિત કરવાનો દાવો નબળો નહીં પડે. અભ્યાસમાં પોતાની ભાગીદારીની પૃષ્ટિ કરનારો ભારત અંતિમ દેશ હતો તથા તેમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયના અધિકારીઓ દ્વારા પ્રતિનિધિત્વ કરશે. ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે ઓરેનબર્ગ ક્ષેત્રમાં એક બહુરાષ્ટ્ર આતંકવાદરોધી અભ્યાસ જોવા માટે રૂસનો પ્રવાસ ખેડ્યો હતો.

## હું સિદ્ધાંતોને વળગી રહીશ, અને લડત આપતો રહીશ : નવજોત સિદ્ધુ

પંજાબ , તા.૩૦

પંજાબમાં તા. ૨૮મી સપ્ટેમ્બરે, કોંગ્રેસ પક્ષમાં કટોકટી ચક્રવાતી બની રહી. સિદ્ધુએ ત્યાગપત્ર આપ્યા પછી એક મંત્રી રઝીયા સુલતાનાએ પણ પોતાનું પદ સિધ્ધુના ટેકામાં છોડી દીધું. અન્ય નેતાઓ પણ તેના ટેકામાં આવી રહ્યા છે. ચાન્નીએ, તેમની કેબિનેટમાં પોર્ટ ફોલિયો, ફાળવ્યા પછી થોડા કલાકોમાં જ સિદ્ધુએ તેમનું ત્યાગપત્ર આપી દીધું હતું. કારણ કે તેમણે સૂચવેલા બ્યુરોક્રેટસ અને મંત્રીઓનાં નામ હાઈકમાન્ડે સ્વીકાર્યા ન હતાં. તેમણે પત્રકારોને તેમ પણ કહ્યું હતું કે, કપુર થલાના રાણા ગુરજિત સિંહને મંત્રી મંડળમાં લેવામાં આવ્યા તેથી તેમને ગુસ્સો આવ્યો હતો. કારણ કે તેઓ ઉપર રેતી-ખોદવાના કોન્ટ્રાક્ટમાં થયેલી ગોલમાલમાં સંડોવણીનો આક્ષેપ હતો. પછી ભલે તેમને પૂર્વ હાઈકોર્ટ જજમાં નેતૃત્વ નીચેની તપાસ સમીતીએ નિર્દોષ જાહેર કર્યો હોય, પરંતુ આવો આક્ષેપ થાય તે પણ યોગ્ય ન જ કહેવાય.પંજાબ પ્રદેશ કોંગ્રેસ સમીતીના પ્રમુખ-પદેથી ત્યાગપત્ર આપ્યા પછી, બીજા દિવસે-આજે બુધવારે નવજોત સિદ્ધુએ તેમનું વલણ કઠોર બનાવ્યું હતું, અને કહ્યું હતું કે હું સિદ્ધાંતોને જ વળગી રહીશ. અને, ભલે બધંર ગુમાવવું પડે છતાં લડત આપતો જ રહીશ. તેમણે કહ્યું હતું કે તેમની ૧૭ વર્ષની રાજકીય યાત્રા દરમિયાન તેઓ એક જ ધ્યેયથી કાર્ય કરી રહ્યા છે, અને તે છે પંજાબના લોકોનો ઉત્કર્ષ અને તેમનાં જીવનમાં બદલાવ. સિદ્ધાંત આધારિત રાજકારણને વળગી રહેવું તે મારી ૧૭ વર્ષની રાજકીય યાત્રાના મૂળમાં છે. 'મારૂં યુદ્ધ મુદ્દા આધારિત જ છે, અને પંજાબ મારી પ્રિય-કાર્યસૂચી છે' તેમ કહેતાં ક્રીકેટરમાંથી રાજકારણી બનેલા સિદ્ધુએ, કોઈનો પણ નામોલ્લેખ કર્યા સિવાય જ તેમણે પંજાબ સરકાર ઉપર પ્રહારો કરતાં કહ્યું હતું કે પંજાબની જનતાની જ અવગણના થઈ રહી છે. '૨૦૧૫ના બેહબલ ક્વાન પોલીસ ફાયરિંગ, જે બરગારી સેક્રીલેજ (અધાર્મિકતા) અંગેનો મુખ્ય મુદ્દો હતો, અને જેમણે 'બાદલ' કુટુમ્બને તે અંગે 'કલિન્ચીટ'' આપી હતી; તથા આરોપીઓને સામુહિક જામીન (બ્લેક્રેટ-બેઈલ) અપાવ્યા હતા. તેમને તો રાજ્યના 'એડવોકેટ જનરલ' બનાવવામાં આવ્યા છે તેમ પણ સિદ્ધુએ કહ્યું હતું. 'હું હાઈકમાન્ડને ગેરમાર્ગે દોરીશ નહી, અને તેઓને ગેરમાર્ગે દોરાવા દઈશ પણ નહી. પંજાબના હેતુઓ માટે હું કોઈ પણ બલિદાન આપવા તૈયાર છું. પરંતુ મારા સિદ્ધાંતોને તો હું વળગી જ રહીશ.

## વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટ બેઠકમાં પીએમ પોષણ સ્કીમને મંજૂરી આપવામાં આવી

નવી દિલ્હી , તા.૩૦

કેન્દ્ર સરકારે આજે રાજકોટ-કનાલૂસ અને નિમાચ-રતલામ રેલવે લાઈનને ડબલ કરવાને મંજૂરી આપી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ(સીસીઈએ) ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજકોટ-કનાલૂસ પ્રોજેક્ટ પાછળ અંદાજિત ૧૦૮૦.૫૮ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટ હેઠળ કુલ ૧૧૧.૨૦ કિમીની રેલવે લાઈન ડબલ કરવામાં આવશે. આ પ્રોજેક્ટને ચાર વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.જ્યારે નિમાચ-રતલામ રેલવે લાઈન પાછળ અંદાજિત ૧૦૯૫.૮૮ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે.સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓંમાં ચલાવવામાં આવતી રાષ્ટ્રીય મધ્યાહ્ન ભોજન યોજનાનું નામ બદલીને પીએમ પોષણ યોજના કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ બાલવાટિકા અને પ્રિ પ્રાયમરી વર્ગોના વિદ્યાર્થીઓને પણ આવરી લેવામાં આવશે તેમ સરકારે આજે જણાવ્યું હતું. વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટ બેઠકમાં પીએમ પોષણ સ્કીમને મંજૂરી આપવામાં આવી હતી. આ સ્કીમ હેઠળ ૧૧.૨ લાખથી વધુ સરકારી શાળાઓના ૧૧.૮૦ કરોડ બાળકોને બપોરનું ભોજન આપવામાં આવશે. હાલમાં સરકારે આ સ્કીમને આગામી પાંચ વર્ષ સુધી ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની પાછળ કુલ ૧.૩૧ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ યોજના પાછળ કેન્દ્ર સરકાર ૫૪૦૬૧.૭૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે અને રાજ્ય સરકારો પાસેથી ૩૧૭૩૩.૧૭ કરોડ રૂપિયા વસુલ કરવામાં આવશે.

## ભારત અફઘાનિસ્તાનની ફ્લાઈટ શરૂ ન કરતા બંને દેશના વેપાર પર અસર પડશે

નવી દિલ્હી ,તા.૩૦

અમેરિકાના ૨૨ રિપબ્લિકન સીનેટરના એક ગ્રુપે મંગળવારે અફઘાનિસ્તાનમાં તાલિબાન અને તેનું સમર્થન કરનારી બધી વિદેશી સરકારો પર પ્રતિબંધ લગાવવાના પ્રાવધાન માટે એક બિલ રજૂ કર્યું હતું. અફઘાનિસ્તાન કાઉન્ટર ટેરેરિઝ્મ, ઓવરસાઈટ એન્ડ અકાઉન્ટેબિલિટી એક્ટને સીનેટ જિમ રિશે રજૂ કર્યું હતું. તેઓ સીનેટ વિદેશ સંબંધ સમિતિના સભ્ય છે. બિલમાં વિદેશ મંત્રી પાસે એક રિપોર્ટની માગણી કરવામાં આવી છે કે વર્ષ ૨૦૦૧થી વર્ષ ૨૦૨૦ વચ્ચે તાલિબાનને સમર્થન આપવામાં પાકિસ્તાનની ભૂમિકા, જેના કારણે અફઘાનિસ્તાનની સરકાર પડી ભાંગી. સાથે જ પંજશીર વેલી તથા અફઘાન પ્રતિરોધ વિરુદ્ધ તાલિબાનના હુમલામાં પાકિસ્તનના સમર્થન બાબતે તેમનું આંકલન બતાવવા કહેવામાં આવ્યું છે .અફઘાનિસ્તાનમાં સત્તા પર તાલિબાન આવ્યા બાદ અત્યાચાર સામે આવવા લાગ્યા છે. તાલિબાન લોકોને ફરીથી ક્રૂર સજાઓ આપવા લાગ્યું છે. એક તરફ પોતાને ત્યાં લોકોને મારીને ચોક પર લટકાવી રહ્યું છે. તાલિબાની નેતા મુલ્લા નુરઉદ્દીન તૂરાબીએ એમ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં ભૂલ કરનારા લોકોના હાથ-પગ કાપીને સજા આપવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી...

### પંજાબ કોંગ્રેસનો ભડકો અન્ય રાજ્યોમા અસર કરશે કે શું....?

*દેશમાં રાજકીય ક્ષેત્રે ચારે તરફ ગરમાવો વ્યાપી ગયો છે. પાંચ રાજ્યોની ચૂંટણીઓને લઈને ભાજપ કોઈ પણ પ્રકારે ચૂંટણી જીતવા અત્યારથી જ ચૂંટણી પ્રચારની દુદુભી મુકવાનું શરૂ કરી દીધુ છે. આવા સમયે કેન્દ્ર સરકારના નેતાગણને સૌથી મોટી ચિંતા ઉત્તર પ્રદેશની બની રહેવા સાથે કિસાન આંદોલને તેઓની ચિંતા વધારી દીધી છે. કિસાન આંદોલનને કારણે પંજાબમાં ભાજપ સાથે કોઈપણ પક્ષ સમજૂતી માટે તૈયાર નથી તો પંજાબમાં ભાજપને ઉમેદવાર મળશે કે કેમ તે ચિંતા વધુ રહી છે. જ્યારે ઉત્તર પ્રદેશના પશ્ચિમ યુપીમાં ભાજપ માટે કપરી સ્થિતિ બની રહી છે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળમાં ભાજપના મજબૂત સાંસદ મમતાજી ટીએમસી સાથે બેસી જતા ભાજપને મોટો ફટકો પડ્યો છે તો ત્યાં આ ઉપરાંત ૩૨ ધારાસભ્યો ટીએમસીમાં જવા તલપાપડ છે. બીજી તરફ પશ્ચિમ બંગાળમાં ગત ચૂંટણી સમયે ભાજપાએ રાજ્યભરમાં દુર્ગા પૂજાને મહત્વ આપીને તેનો મુદ્દો બનાવ્યો હતો છતાં ભાજપની હાર ભાળવી પડી હતી. અને અત્યારે દુર્ગાપૂજાનો મુદ્દો ભાજપને નડી ગયો છે.મમતાએ દુર્ગા પૂજા બાબતે ભાજપને આડે હાથ લેતા તે ચૂંટણીમાં અસરદાર બની ગયો છે. આ વર્ષે ભાજપ દ્વારા દુર્ગાપૂજા બાબતે એક પણ પંડાલ ઊભો કર્યો નથી કે આ મુદ્દે કોઈ વાત કરી નથી. આવા કપરા સમયમાં જ પ્રશાંત કિશોરની સલાહથી રાહુલ ગાંધી ઈન્દિરા ગાંધી સ્ટાઈલ પંજાબમાં અપનાવી..... પરંતુ ઇન્દિરા ગાંધી નીતિ રિતી અપનાવતા પહેલા જે કાંઈ એક્શન લેવાના હોય તેનો ઊંડાણથી અભ્યાસ ઈન્દીરાજી કરતા હતા અને પછી એક્શન લેતા હતા જે બાબત રાહુલ ગાંધી સમજી શક્યા નથી પરિણામે પંજાબ કોંગ્રેસમાં અને સરકારમાં અફડાતફડી મચી ગઈ છે. તો ઉત્તરાખંડમાં પણ તેના પડઘા પડયા છે અને રાજસ્થાનમાં જો આ જ પ્રકારે પંજાબની જેમ એક્શન લેવામા આવશે તો કોંગ્રેસ માટે રાજસ્થાનમાં પણ પંજાબ જેવી સ્થિતિ બની રહે તેવી સંભાવના વધુ છે.....!*

*દેશમાં કોંગ્રેસ માટે તો અત્યારે ત્રણ સાંધે ત્યાં તેર તૂટે તેવી સ્થિતિ બની રહી છે. સૌપ્રથમ કોંગ્રેસના ૨૩ ધૂરંધર નેતાઓએ કોંગ્રેસને દેશભરમાં ધબકતી કરવા માટે પત્ર લખ્યો જેને સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને તેમના નજીકના ગણાતા નેતાઓએ વિરોધ કરી કોંગ્રેસના ૨૩ ધૂરંધરોને સાઇડલાઇન કરી દીધા. પછી પીકેની સલાહથી રાહુલ ગાંધીએ ઇન્દિરા ગાંધી નીતિ રિતી પંજાબમા અપનાવી પરંતુ અત્યારે કોંગ્રેસ માટે આ નીતી જોખમરૂપ બની ગઈ છે.....! રાજકીય પંડિતોની ચર્ચા અનુસાર રાહુલ ગાંધી કે પ્રિયંકા વાડ્રાને જરૂરી રાજકિય જ્ઞાનની કમી છે....! દેશના દરેક રાજ્યની રાજકિય ચહલ પહલની તેઓને માહિતી હોવી જોઈએ તેનો અભાવ છે. તો જે કોંગ્રેસના મજબૂત અને અનુભવી યોધ્ધાઓ હતા તેઓ પાસે કોઈ સલાહ લેવામાં આવતી નથી. અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખનુ કાયદાકીય રીતે પદ ખાલી છે. અને આ સમયે કેપ્ટનને પંજાબમાં સીએમ પદ પરથી દૂર કર્યા તથા પ્રદેશ પ્રમુખ તરીકે મહાત્વાકાંક્ષી સિધ્ધુને નિયુક્ત કર્યા જે રાહુલ ગાંધીની મોટામાં મોટી ભૂલ બની રહી છે..... અને કદાચ પંજાબમાં કોંગ્રેસને સત્તા ગુમાવવી પડશે તેવી શક્યતા વધી પડી છે....! આ તકનો લાભ લેવા ભાજપના નેતાગણ. ઉઠાવવિ તૈયાર બેઠા હતા... કારણ પંજાબમાં તેમને માટે પગ મૂકવાની જગ્યા નહોતી તો કિસાન આંદોલન પણ નડી રહ્યું છે. ત્યારે કેપ્ટન અમરિંદર સાથે અમિત શાહની ૪૫ મિનિટની બેઠક બાદ એવી વાત બહાર આવી છે કે કૃષિ કાનુન બાબતે રસ્તો કાઢવામાં આવશે કદાચ પરત ખેચાય.....!!કે પછી કિસાન નેતાઓની માંગ અનુસાર એમએસપી નક્કી થાય.... છતાં કેપ્ટન ભાજપમાં ન જાય પરંતુ અલગ ચોકો ઊભો કરે અને ચૂંટણીમાં ભાજપથી સમજૂતી કરે તેવી શક્યતા વધી પડી છે.... પરિણામ સ્વરૂપ કોંગ્રેસને ફટકો નિશ્ચિંત.....! .*

*વંદે માતરમ્*

# સંગીત વગાડવું ,ગાવું અને સાંભરવાથી ઘણી બીમારીઓ દૂર થાય છે : મનીષ રાજ્યગુરુ



Manish Rajyaguru

રાગ મ્યુઝિક એકેડમી ના ડાઈરેક્ટર સંગીતકાર અને સોફ્ટવેર એન્જિનિયર શ્રી મનીષ રાજ્યગુરુ જેમને × લર્ન ,મ્યુઝિક એટ યોર હોમ × મ્યુઝિક સિસ્ટમ ( સોફ્ટવેર ) ના દ્વારા મ્યુઝિક પ્રોજેક્ટ બનાવીને ગુજરાત ની સ્કૂલોમાં ચાલવી રહ્યા છે જેમાં વિદ્યાર્થીઓ જાતે ગાતા વગાડતા શીખી રહ્યા છે અત્યારે શુદ્ધિમાં ૪૦૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓને ગાતા વગાડતા તાલ અને સ્વર સાથે કરેલા છે તેમની સંગીત વિશે જણાવેલ કે

તમે દિવસમાં કેટલી વાર સંગીત સાંભળો છો? એકવાર બે વાર અથવા એક કરતા વધારે વાર. જો તમે દિવસમાં એક કરતા વધુ વખત સંગીત સાંભળો છો, તો ચિંતા કરવાની કોઈ વાત નથી કારણ કે સંગીત તમારા મગજમાં માત્ર શાંતિ આપે છે પરંતુ હવે તેનો ઈલાજ પણ શક્ય છે.

સંગીત શારીરિક અને માનસિક ઉર્જા સ્તરને જાળવવામાં મદદ કરે છે, જેનાથી પ્રતિરક્ષા વધે છે. વિવિધ 'રાગ' સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ (ઝીહંક્ષિ્ંં હીર્ર્દૃજ જઅજીાદ્ઘ) ને લગતા અનેક રોગોની સારવારમાં અસરકારક સાબિત થયા છે.

સંગીત મગજના વિકૃત સ્નાયુઓને મજબૂત અને સક્રિય અને સંતુલિત બનાવે છે, જે તાણને દૂર કરે છે. મ્યુઝિક થેરેપીની એક વિશેષતા એ છે કે તે તે શરીરના તમામ ભાગોને અને તમામ શારીરિક કાર્યોને ઉત્તેજના અને આરામ દ્વારા અસર કરે છે.

સંગીતની આ અસર રોગ અને સંગીતની પ્રકૃતિ પર આધારિત છે. શરીરમાં સાત ચક્રો છે અને સંગીતની સાત નોંધ સાત ચક્રને અનુરૂપ છે.

સંગીતની મદદથી રોગોની સારવાર પણ કરી શકાય છે. માણસની વાત શું છે, સંગીત દ્વારા પ્રાણીઓ, પક્ષીઓ અને ઝાડનો છોડ ઉપર પણ સારો પ્રભાવ પડે છે વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે કે સંગીતની મદદથી રોગોની સારવાર પણ કરી શકાય છે. ધ્યાન સંગીત કંપન, ઉર્જા અને ચક્રની આવર્તન કંપન, આવર્તન સાથે સુમેળમાં ધ્યાન સંગીત સાંભળીને, ચક્રો સક્રિય થાય છે, અને કુંડલિની શક્તિ વધે છે.

આંખોના રોગો અને હૃદયરોગની સારવારમાં તેનો ઉપયોગ ખૂબ જ સફળ રહ્યો છે પાચક રોગો પણ સંગીતના અવાજથી ઉપચાર કરવામાં આવે છે અને તેને આરામની લાગણી થવા લાગે છે. જેમ જેમ માણસ સંગીતની ધ્વનિ તરંગોમાં ખોવાઈ જાય છે તેમ તેમ તેનું ધ્યાન દરેક વસ્તુથી વાળવામાં આવે છે અને તે હળવાશ અનુભવવા લાગે છે.

સંગીત મનુષ્યનું તાણ ઘટાડે છે અને માનસિક રોગોની સારવારમાં પણ મદદ કરે છે. સંગીત, આપણા જીવન માં સંગીત સંજીવની છેઆપણા જીવન માં સંગીત સંજીવની છે

તમે લોકો પણ તમારી દિનચર્યામાંથી થોડો સમય નિકારી અને સંગીતને તમારા જીવનનો એક ભાગ બનાવો અને જુઓ કે તમે તમારી અંદર કેટલો તફાવત અનુભવો છો.

આજકાલ સંગીત દ્વારા અનેક રોગોની સારવાર કરવામાં આવે છે. આજકાલ સંગીત દ્વારા અનેક રોગોની સારવાર કરવામાં આવે છે. તબીબી વિજ્ઞાન ને પણ એવું માનવાનું શરૂ કર્યું છે કે દિવસમાં ૩૦ મિનિટ તમારી પસંદનું સંગીત સાંભળવાથી રોજિંદા જીવનના ઘણા રોગોથી મુક્તિ મળી શકે છે. જેમ દરેક રોગ કોઈ ચોક્કસ ગ્રહ સાથે સંબંધિત છે, તેવી જ રીતે સંગીતની દરેક સ્વર અને રાગ ચોક્કસપણે કોઈક ગ્રહ સાથે સંબંધિત છે. જો કોઈ વ્યક્તિને કોઈ ખાસ ગ્રહ સંબંધિત કોઈ રોગ હોય અને તેને રાગ, સ્વર અથવા તે ગ્રહથી સંબંધિત ગીત કહેવામાં આવે, તો તેથી જલ્દી સ્વસ્થ થઈ જાય છે. અહીં આ વિષયના આધારે આવા ઘણા રોગો અને તેમનાથી રાહત આપનારા રાગો વિશે માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે શાસ્ત્રીય રાગોનો ઉલ્લેખ છે તે રાગમાં કોઈપણ ગીત, સંગીત, સ્તોત્ર અથવા સાધન વગાડીને લાભ મેળવી શકાય છે. અહી તેમને સંબંધિત ફિલ્મી ગીતોના ઉદાહરણો આપવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

(૧) હૃદયરોગ - આ રોગમાં રાગ દરબારી અને રાગ સારંગને લગતું સંગીત સાંભળવું ફાયદાકારક છે. તેમની સાથે સંબંધિત ફિલ્મી ગીતો નીચે મુજબ છે - તોરા મન દર્પણ કેહલે (કાજલ), રાધિકે તુને બંસરી ચૂરાઇ (દીકરી અને પુત્ર), ઝનક ઝનક તોરી બાજે પાયલિયા (મેરે હુઝુર), બહુત પ્યાર કરતે હે ટુંકો સનમ (સાજન), જાદુગર સૈયાં છોદ મોરી (ફાલ્ગુન), ઓ દુનિયા કે રખવાલે (બૈજુ બાવરા), મુહોબત કી જૂઠી કહાની પે રોયે (મુગલે આઝમ)

અનિદ્રા - આ રોગ આપણા જીવન થવા વારા સૌથી સામાન્ય રોગ છે. આ રોગની સ્થિતિમાં રાગ ભૈરવી અને રાગ સોહનીનું સાંભળવું ફાયદાકારક છે જેમના મુખ્ય ગીતો નીચે મુજબ છે

રાત ભર ઉનકી યાદ આતી રહી (ગમન) નાચે મન મોરા (કોહિનૂર) મીઠે બોલ બોલે બોલે પાયલિયા ( સિતારા ) તું ગંગા કી મોઝ મેં ( બીજું બાવરા ) ઋતુ બસંત આયી ( ઝનક ઝનક પાયલ બાજે ) સાવરે સાવરે (અનુરાધા) ચીગારી કોઈ ભડકે (અમર પ્રેમ ) છમ છમ બાજે રે પાયલિયા ( ઘૂંઘટ ) ઝુમતી ચલી હવા ( સંગીત સમ્રાટ તાનસેન ) કુહુ કુહુ બોલે કોઇલિયા (સુવર્ણસુંદરી)

એસિડિટી - જો આ રોગ થાય તો રાગ ખમાજ સાંભળવાથી ફાયદો થાય છે. આ રાગના મુખ્ય ગીતો નીચે મુજબ છે

(૧) ઓ રબ્બા કોઈ તો બતાયે પ્યાર ( સંગીત ) (૨) આયો કહાં સે ઘનશ્યામ ( બુદ્ધ મિલ ગયા ) (૩) છૂકર મેરે મન કો ( યારના ) (૪) કૈસે બીતે દિન કૈસે બીટી રતિયા ( ઠુમરી : અનુરાધા ) (૫) તકદીર કે ફસાના જાકર કિસે સુનાયે (સેહરા ) રહતે થે કભી જિનકે દિલ મેં (મમતા) (૬) હમને તુમસે પ્યાર કિયા હે ઈતના ( દુલ્હા દુલહન ) તુમ કમસીન હો નાન્દા હો ( આઈ મિલન કી બેલા )

(૧) હૃદયરોગ - આ રોગમાં રાગ દરબારી અને રાગ સારંગને લગતું સંગીત સાંભળવું ફાયદાકારક છે. તેમની સાથે સંબંધિત ફિલ્મી ગીતો નીચે મુજબ છે - તોરા મન દર્પણ કેહલે (કાજલ), રાધિકે તુને બંસરી ચૂરાઇ (દીકરી અને પુત્ર), ઝનક ઝનક તોરી બાજે પાયલિયા (મેરે હુઝુર), બહુત પ્યાર કરતે હે ટુંકો સનમ (સાજન), જાદુગર સૈયાં છોદ મોરી (ફાલ્ગુન), ઓ દુનિયા કે રખવાલે (બૈજુ બાવરા), મુહોબત કી જૂઠી કહાની પે રોયે (મુગલે આઝમ)

અનિદ્રા - આ રોગ આપણા જીવન થવા વારા સૌથી સામાન્ય રોગ છે. આ રોગની સ્થિતિમાં રાગ ભૈરવી અને રાગ સોહનીનું સાંભળવું ફાયદાકારક છે જેમના મુખ્ય ગીતો નીચે મુજબ છે

રાત ભર ઉનકી યાદ આતી રહી (ગમન) નાચે મન મોરા (કોહિનૂર) મીઠે બોલ બોલે બોલે પાયલિયા ( સિતારા ) તું ગંગા કી મોઝ મેં ( બીજું બાવરા ) ઋતુ બસંત આયી ( ઝનક ઝનક પાયલ બાજે ) સાવરે સાવરે (અનુરાધા) ચીગારી કોઈ ભડકે (અમર પ્રેમ ) છમ છમ બાજે રે પાયલિયા ( ઘૂંઘટ ) ઝુમતી ચલી હવા ( સંગીત સમ્રાટ તાનસેન ) કુહુ કુહુ બોલે કોઇલિયા (સુવર્ણસુંદરી)

( ૨ ) એસિડિટી - જો આ રોગ થાય તો રાગ ખમાજ સાંભળવાથી ફાયદો થાય છે. આ રાગના મુખ્ય ગીતો નીચે મુજબ છે

(૧) ઓ રબ્બા કોઈ તો બતાયે પ્યાર ( સંગીત ) (૨) આયો કહાં સે ઘનશ્યામ ( બુદ્ધ મિલ ગયા ) (૩) છૂકર મેરે મન કો ( યારના ) (૪) કૈસે બીતે દિન કૈસે બીટી રતિયા ( ઠુમરી : અનુરાધા ) (૫) તકદીર કે ફસાના જાકર કિસે સુનાયે (સેહરા ) રહતે થે કભી જિનકે દિલ મેં (મમતા) (૬) હમને તુમસે પ્યાર કિયા હે ઈતના ( દુલ્હા દુલહન ) તુમ કમસીન હો નાન્દા હો ( આઈ મિલન કી બેલા )

(૪) નબળાઇ - આ રોગ શારીરિક નબળાઈ સાથે સંબંધિત છે. આ રોગગ્રસ્ત વ્યક્તિ પોતાને કોઈ કામ કરવામાં અસમર્થ સમજે છે. આ રોગના કિસ્સામાં રાગ જય જયવંતીનું સાંભળવું કે ગાવાનું ફાયદાકારક છે.

આ રાગ ના ગીતો (૧) મન મોહના બડે જૂથે (સીમા ) (૨) બૈરન નીંદ ના આયે ( ચાચા જિંદાબાદ) (૩) મહોબત કી રાહો મેં ચલના સમ્ભલકે (ઉડન ખટોલા ) (૪) સાઝ હો તુમ આવાઝ હું મેં ( ચંદ્રગુપ્ત ) (૫) જિંદગી આજ મેરે નામ સે શર્માતી હે (દિલ દિયા દર્દ લિયા ) (૬) તુમ્હે જો ભી દેખ લેગ કિસી કા ના ( બીસ સાલ બાદ )

(૫) યાદદાસ્ત : જે લોકોની યાદદાસ્ત ઓછી હોય અથવા ઓછી થતી લાગે તેમને રાગ શિવરંજની સાંભરવાથી લાભ થાય છે આ રાગ ના ગીતો નીચે પ્રમાણે છે (૧) ના કિસી કી આંખ કે નૂર હું ( લાલકિલ્લા ) (૨) મેરે નૈના (મેહબૂબા ) (૩) દિલ કે ઝરોખે મેં તુજકો બિઠાકે ( બ્રહ્મચારી ) (૪) ઓ મેરે સનમ ઓ મેરે સનમ ( સંગમ ) (૫) જીત થા જિસ કે ( દિલવાલે )

(૬) જાણે કહા ગયે વો દિન ( મેરા નામ જોકર )

(૬ ) લોહીનો અભાવ - આ રોગ થી પીડાતા વ્યક્તિ નો ચેહરો ઉદાસ અને સૂકો પડી જાય સે , સ્વભાવ માં પણ ચીડિયાપણું આવે સે . આવી સ્થિતિમાં, રાગ પીલુને લગતા ગીતો સાંભળીને લાભ મેરવી શકે છે.

પીલુ રાગ આધારિત ગીતો (૧) આજ સોચ તો આંશુ ભર આયે ( હંસતે જખ્મ ) (૨) નદીયાં કિનારે ( અભિમાન ) (૩) ખાલી હાથ શામ આયી હે ( ઈજાજત) (૪) તેરે બિન સુને નયન હમારે ( મેરી સુરત તેરી આંખે ) (૫) મેને રંગ લઈ આજ ચુનરિયા ( દુલહન એક રાત કી ) (૬) મોરે સયાજી ઉતરેંગે પાર ( ઉડન ખટોલા )

(૭ ) માનસિક તેમજ ડિપ્રેસન : આ રોગ થી પીડિત લોકો એ રાગ બિહાગ ઔર મધુવંતી સાંભરવા અથવા ગાવા થી લાભ થાય છે

(૧) તુજે દેને કો મેરે પાસ કુછ નહી ( કુદરત નઈ ) (૨) તેરે પ્યાર મેં દિલદાર ( મેરે મહેબૂબ ) (૩) પિયા બાવરી ( ખુબસુરત પુરાણી ) (૪) દિલ જો ના કહ સકા ( ભીગી રાત) (૫) તુમ તો પ્યાર હો (સેહરા) (૬) મેરે સુર ઔર તેરે ગીત (ગુંજ ઉઠી શહનાઈ ) (૭) મતવારી નાર ઠુમક ઠુમક ચાલી જાયે( અમ્રપાલી )

(૮) સખીરે મેરા તન ઉલઝે મેરા મન ડોલે ( ચિત્રલેખા )

(૮) હાઈ બ્લડ પ્રેશર - હાઈ બ્લડ પ્રેશરની ધીમી ગતિ નું સંગીત અને લો બ્લડ પ્રેશરમાં ઝડપી ગતિ નું સંગીતને લાભ આપે છે. શાસ્ત્રીય રાગોમાં, રાગ ભૂપાલી વિલંબિત અને ઝડપી ગતિએ સાંભળી અથવા ગાઈ શકાય છે.

હાઈ બ્લડ પ્રેશર ગીતોમાં (૧) ચલ ઉડ જયારે પછી કી અબ એ દેશ ( ભાભી ) (૨ ) જ્યોતિ કલશ છલકે ( ભાભી કી ચુડીયા ) (૩) ચલો દિલદાર ચલો ( પાકીઝા ) નીલે ગગન કે ટલે ( હમરાઝ ) જેવા ગીતો અને લો બ્લડ પ્રેશરમાં (૧) ઓ નીંદ ના મુજકો આયે ( પોસ્ટબોક્ષ ન ૯૦૯ ) (૨) બેગાની નઈ શાદી મેં અબ્દુલ્લા દિવાના ( જિસ દેશ મેં ગંગા બહતી હે ) (૩ )જહાં ડાળ ડાળ પર ( સિકન્દર આઝમ ) (૪) પંખ હોતી તો ઉડ આતી રે ( સેહરા)

(૯)) અસ્થમા - આ રોગમાં શ્રદ્ધા-ભક્તિ પર આધારીત ગીતો સાંભરવાનું અને ગાવાનું ફાયદાકારક છે.

રાગ માલકોંસ અને રાગ લલિત ના આધારિત ગીતો આ રોગ માં સાંભરી અને ગાઈ શકાય જે ગીતો આ પ્રમાણે છે ( ૧ ) તું છુપી હે કહા ( નવરંગ ) ( ૨ ) તું હે મેરા પ્રેમ દેવતા ( કલ્પના ) (૩) એક શહેંનશા ને બનવા કે હંસી તાઝમહેલ ( લીડર ) (૪) મન તડપત હરિ દર્શન કો આજ ( બેજું બાવરા ) (૫) આધા હે ચંદ્રમા ( નવરંગ )

(૧૦) માથાનો દુખાવો - આ રોગ થયેલ વ્યક્તિ એ રાગ ભૈરવનું સાંભળવું ફાયદાકારક છે. આ રાગના મુખ્ય ગીતો નીચે મુજબ છે - મોહે ભૂલે ગયે સાવરિયા (બૈજુ બાવરા), રામ તેરી ગંગા મેલી (શીર્ષક), પૂંછો ના કૈસે મૈન રેન બિટાઇ (તેરી સુરત મેરી આંખે ), સોલા બરસ કી બાલી ઉમર કો સલામ (એક દુજે કે લિયે )

## ફરી વાર વિધાનસભામાં ગુંજ્યું માંચડા કૌભાંડ

ગાંધીનગર ,તા.૩૦

વનવિભાગના ગીર પશ્ચિમ ડિવિઝનના ચકચારી માંચડા કૌભાંડ મુદ્દે કોંગ્રેસના ત્રણ-ત્રણ ધારાસભ્યોએ આ સમગ્ર મુદ્દાને વિધાનસભામાં અગાઉ અને હાલમાં ઉજાગર કરી સરકારને ભીંસમાં લઈને તપાસ કરાવવાની ફરજ પાડી છે. જેમાં અગાઉની સરકારમાં મળેલ વિધાનસભાના સત્રમાં ભીલોડાના ધારાસભ્ય અશ્વિનભાઈ જોષીયારાએ મુદ્દો ઉઠાવ્યો અને તેમાં સરકારે સ્વીકાર કર્યો કે માંચડાઓમાં ગેરરીતિ થઈ છે. ત્યારબાદ વિસાવદરના ધારાસભ્ય હર્ષદ રિબડીયાએ સમગ્ર મુદ્દે વિધાનસભામાં સરકારને સવાલો કર્યા અને તેમાં પણ સરકારે સ્વીકાર કર્યો હતો અને હવે જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોશીએ સવાલો કરતા તપાસ પૂર્ણ થઇ ચૂકી છે અને પગલાં લેવાની કાર્યવાહી ચાલુ હોવાનો વનમંત્રીએ વિધાનસભામાં સ્વીકાર કર્યો છે.વનવિભાગ દ્વારા ગીરની બોર્ડર પરના ખેડૂતોને ખેતી પાકના રક્ષણ માટે ખેડૂતો રાત્રિના સમયે જંગલી પ્રાણીઓના ડર વગર પોતાના ખેતરનું રક્ષણ કરી શકે તે માટે આપવામાં આવેલા માંચડાઓમાં ઓછો વજન ધાબડી કૌભાંડ કરવામાં આવ્યું હતું. આ અગાઉ પણ આ સમગ્ર મુદ્દો વિધાનસભામાં ગૂંજયો અને સરકારે તપાસના આદેશ આપવા પડ્યા હતાં. પરંતુ તપાસ ચાલતી હોય જેથી ફરી એક વાર જૂનાગઢના ધારાસભ્યએ માંચડા કૌભાંડને વિધાનસભામાં ઉજાગર કર્યું છે. જૂનાગઢના કોંગી ધારાસભ્ય ભીખાભાઈ જોશી દ્વારા બે દિવસના વિધાનસભાના સત્રમાં ગીર પશ્ચિમ ડિવિઝન હેઠળ ખેડૂતોને પાક રક્ષણ માટે આપવામાં આવેલ માંચડાની ગેરરીતિ બાબતે સરકાર વાકેફ છે કે કેમ તેવો સવાલ કર્યો હતો. તેના જવાબમાં વનમંત્રીએ સરકાર આ બાબતે વાકેફ હોવાનો સ્વીકાર કર્યો છે. ત્યાર બાદ ધારાસભ્યએ પ્રશ્ન પૂછ્યો કે જો સરકાર વાકેફ હોય તો જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યાં છે? તેના જવાબમાં મંત્રીએ જણાવેલ કે સમગ્ર કામગીરીનું મોનિટરીંગ કાર્યવાહી પૂર્ણ થયેલ છે. મોનીટરીંગની કાર્યવાહી દરમિયાન બહાર આવેલ ક્ષતીઓ અને અનિયમિતતા બાબતે આગળની કાર્યવાહી થઈ રહી હોવાનો ખુદ વનમંત્રીએ વિધાનસભાગૃહમાં સ્વીકાર કર્યો છે.

## વિશ્વ શાકાહારી દિવસ નિમિત્તે "શાકાહાર-સ્વસ્થ જીવનનો આધાર" વિષય પર સમસ્ત મહાજન દ્વારા આંતર રાષ્ટ્રીય વેબીનારનું આયોજન

વૈશ્વિક સ્તરે જળ, જમીન, જંગલ, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા સમસ્ત મહાજન દ્વારા વિશ્વ શાકાહારી દિવસ નિમિત્તે "શાકાહાર-સ્વસ્થ જીવનનો આધાર" વિષય પર આંતર રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબીનારમાં શાકાહાર પરત્વેની જાગૃતિ લાવવા માટે સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ શાહ માર્ગદર્શન કરશે. જેનું સંચાલન કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન – રાજકોટનાં મિત્તલ ખેતાણી દ્વારા કરવામાં આવશે.

વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે. માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે, શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઇબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે, શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે, શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે, શાકાહાર પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે, શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્?વનું ઘટક સેરીબ્રોસાઇડ નામનું તત્?વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે. આવા અનેક વિષયોનો સંકલન કરતા આ વેબીનારનું આયોજન તા.૦૧/૧૦/૨૦૨૧, શુક્રવારનાં રોજ સાંજે ૮:૩૦ કલાકે કરવામાં આવ્યું છે. આ વેબીનારને કરુણા ફાઉન્ડેશનના ફેસબુક પેઈજ https://www.facebook.com/animalhelplinekarunafoundation પર અને સમસ્ત મહાજનનાં ફેસબુક પેઈજ https://www.facebook.com/SamastMahajan9 પર લાઈવ નિહાળી શકાશે. શાકાહારનાં આવા અનેક ફાયદા જાણવા તેમજ સ્વસ્થ જીવન શૈલી અપનાવવા માટે સૌને આ વેબીનારમાં જોડવવા સમસ્ત મહાજનનાં ગિરીશભાઇ શાહ અને મિત્તલ ખેતાણી દ્વારા વિનંતી કરવામાં આવી છે. આ અંગે વધુ જાણકારી માટે ગિરીશભાઇ શાહ(મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬) , મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) પર સંપર્ક કરવા વિનંતી કરવામાંઆવી છે.

## પૂર્વ સાંસદ દિનુ બોધાને અમિત જેઠવા મર્ડર કેસમાં જામીન મળ્યા

અમદાવાદ, તા.૩૦

અમિત જેઠવા હત્યા કેસમાં સીબીઆઈ કોર્ટે પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકી સહિત તમામ ૭ દોષિતોને આજીવન કેદની સજા સંભળાવી હતી. CBI કોર્ટે આજીવન કેદની સાથે આરોપીઓ પર કુલ ૬૦.૫૦ લાખનો દંડ પણ ફટકાર્યો છે. કોર્ટે અમિત જેઠવાની પત્નીને ૫ લાખ અને બંને બાળકોને ત્રણ ત્રણ લાખ આપવા આદેશ કર્યો હતો. સીબીઆઈ જજ કે. એમ. દવેએ આ સજા સંભળાવી હતી. ૨૦૧૯ માં અમિત જેઠવા મર્ડર કેસમાં નવ વર્ષે ચુકાદો આવ્યો હતો, અને તમામ આરોપી જેલના સળિયા પાછળ ધકેલાયા હતા.અમિત જેઠવા હત્યા કેસ માં ભાજપના પૂર્વ સાંસદ દિનુ બોઘાને હાઈકોર્ટે રાહત આપી છે. હાઈકોર્ટે દીનુ બોધાના જામીન મંજૂર કર્યા છે. દિનુ બોઘાની સજા કોર્ટે મોકૂફ રાખી છે. કોર્ટે શરતોને આધીન દિનુ બોઘાના જામીન મંજૂર કર્યા છે. પરંતુ હાઈકોર્ટે શરત મૂકી છે કે, દિનુ બોઘા હાઈકોર્ટની પરવાનગી વગર દેશ નહિ છોડી શકે. સાથે જ તેણે પોતાનો પાસપોર્ટ પણ જમા કરાવવાનો રહેશે. હાઈકોર્ટે ૧ લાખના બોન્ડ પર દિનુ બોઘાને જામીન આપ્યા છે. સાથે જ દર મહિનાની પહેલી તારીખે પોલીસ સ્ટેશનમાં હાજરી આપવી પડશે તેવુ હાઈકોર્ટે જણાવ્યું. વર્ષ ૨૦૧૦માં ખાંભાના આરટીઆઇ એક્ટિવિસ્ટ અને ખનીજ માફિયા સામે જંગે ચડેલા અમિત જેઠવાનું અમદાવાદ સોલા હાઇકોર્ટ સામે ૨૦ જુલાઈના રોજ પોઇન્ટ બ્લેંક ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. ત્યારે પૂર્વ સાંસદ દિનુ બોઘા અને તેના ભત્રીજા શિવા સોલંકીએ અમિત જેઠવાની હત્યા કરવામાં આવી હોવાની સીબીઆઈ તપાસમાં બહાર આવ્યું હતું. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ દીનુ સોલંકીના ભત્રીજા શિવા સોલંકીની ધરપકડ આ હત્યા માટે સોપારી આપવા બદલ થઈ હતી. નવેમ્બર ૨૦૧૩માં સીબીઆઈ દ્વારા દીનુ સોલંકીની પણ આ સંદર્ભે ધરપકડ કરાઈ હતી. ભાજપના પૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકી સહિતના ૭ આરોપીઓની આ હત્યા કેસમાં ધરપકડ થઇ હતી. જેમાં આરોપી તરીકે શૈલેષપંડ્યા, ઉદાજી ઠાકોર, શિવા પચાણ, શિવા સોલંકી, બહાદુરસિંહ વાઢેર (પોલીસ કોન્સ્ટેબલ), સંજય ચૌહાણ, દિનુબોઘા સોલંકી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ

વિષય :." શબ્દાર્થ " શબ્દ ની અનંત યાત્રા..શબ્દ વિષયક રચનાઓ(૦૧-૧૦-૨૦૨૧) દિવસ - ૩

Jan fariyad & News of Gandhinagar daily

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

## NOG SS No : 0001

પ્રકાર : ગદ્ય

શિર્ષક : શબ્દાર્થ

શબ્દો..... શબ્દો... ને કેવળ શબ્દો....
આ શબ્દો માં શું શું નથી હોતું ?
હા શબ્દ માં છે મીરાં નાં ઝાંઝર નો રણકાર, તો શબ્દોમાં છે કૃષ્ણ ની વાંસળી નો ધબકાર, શબ્દોમાં છે શબરીની ભવોભવની ભૂખ, તો શબ્દોમાં છે રાધાની વ્યાકુળતા, ને શબ્દોમાં જ છે, ગોપીની ઘેલછા.

શબ્દો ની કલા રાજકારણ માં નેતાઓ ના ભાષણો માં...વિધાન સભા કે રાજ્ય સભા કે લોક સભા માં પણ શબ્દાર્થ ની અસરો થી નેતાઓ નું રાજકીય ભવિષ્ય બદલાઈ જાય છે અને કોણ ક્યાંનું ક્યા પહોંચી જાય છે...માટે શબ્દાર્થ નો અભ્યાસ પળે પળે જાહેર જીવન માં સામાજિક જીવનમાં ખૂબ જરૂરી છે.

શિવાજી નું હાલરડું,,શિવજી નું તાંડવ નૃત્ય નું વર્ણન..કૃષ્ણ ના પદ ના વર્ણન...,આંધળી માનો કાગળ....માછલી વિહાણી દરિયાને બેટ,શ્રાવણ જનમ્યો એની માને પેટ.....તારી આંખ નો અફીણી.....જેસલ તોરલ નું ગીત...સરસ્વતી ચંદ્ર ની કથા અને ગીત...આવા ભાવવાહી ગીતો ની અસરો........અનેક ગુજરાતી હિન્દી ફિલ્મો ની ગીત માલા ની શબ્દભાવ રૂપી ગુથણી થી લોકપ્રિય બનેલા ચલચિત્રો.....આજે પણ અનેક સિનિયર સિટીઝન સવાર,બપોર,સાંજ અને રાત કેટકેટલા મનગમતા જૂના ગીતો સાંભળી શેષ જીવન વિતાવતા જોયા છે તો અનેક લોકો સાહિત્ય ની લાયબ્રેરી માં આંખો કામ આપે ત્યાં સુધી સમય વિતાવતા જોયા છે..

શબ્દ અને શબ્દાર્થ ના હોત તો શું થાત..?...એક મોટો પ્રશ્ન છે.....

શબ્દાર્થ રાજકીય.સામાજિક ક્ષેત્રે ભાવ વાહીં ભાષણો.રચનાઓ દ્વારા પ્રણય,અશ્રુ ધારાઓ,વેર,ઝેર,આત્મઘાતી પગલાને,નફરત ને,ખડખડાટ હાસ્ય ને આમંત્રણ આપી શકે છે અને ચલચિત્રો ના ગીતો ની સજાવટ થી તેમજ અહિતિહાસિક અનેક ગીતો.....રૂક્ષ્મણી નો પત્ર,આંધળી માનો કાગળ,,,શિવાજી નું હાલરડું.....જેસલ તોરલ....અનેક ગીતો ના ભાવ થી પ્રણય ફાગ ખેલાયા.....અનેક જોડા બન્યા અને અનેક જોડા તૂટ્યા હશે...અનેક ના શબ્દ વાક બાણ થી જીવન બન્યા હશે અને જીવન તૂટ્યા પણ હશે ..અનેક નેતાઓ ના રાજકીય ભવિષ્ય બન્યા અને વેરવિખેર થઈ ગયા...

સર્જક પોતાની જીવન લીલા સંકેલી લે છે પણ તેના દ્વારા રચાયેલ રચનાઓ પુસ્તક માં કેદ ઇતિહાસ બની જઈ સાહિત્ય ની સુવાસ ફેલાવે છે..જેમ આપણજે મેઘાણી,દુલા કાગ,ઉમાશંકર જોશી અને અનેક સર્જકો ને યાદ કરીએ છીયે.

સર્વસ્વ સહન કરી શકે તે જ સાચો સર્જક,રચનાકાર બની શકે..

આમ જ દ્રૂંર જીજી (સાહિત્ય સરિતા ગ્રુપ) પણ આમ જ અમર બની રહેશે...અને તેના સર્જક મેમ્બરો ની રચનાઓ પણ અનેક વિષયો થી વર્ષો વરસ સુવાસ ફેલાવતી રહેશે..... અસ્તુ

પ્રદીપ રાવલ..સંચાલક

---

## NOG SS.No.19

વિષય...શબ્દ

પ્રકાર...પદ્ય અછાંદસ

શીર્ષક.. શબ્દ છળ

શબ્દો આજે ભળી ગયાં,
કેમ ભાવ સૌ કળી ગયાં?
પહોંચી હૃદય દ્વારે કેમ પગલાં પાછા પડી ગયાં?
કોઈ સમજીને ચાલી ગયાં,
સપનાં બધાં છળી ગયાં..
સાથ પામી એકમેકનો ,કહેવા ભાવ અંતર તણો,
શીદ બીજાની વાતમાં સૌ વળી ગયાં?

કલ્પનાબેન ત્રિવેદી,સુરેન્દ્રનગર

---

## NOG SS NO 0032

વિષય - શબ્દો...

વિભાગ - પદ્ય.

શીર્ષક - કવિતાનાં શબ્દો

મારી કવિતાનાં શબ્દો અગણિત છે,
પણ સમજાયતો સમજી જજો.
મારા ગૂઢ મૌનને સમજી જજો,
હું ના બોલું તો મૌન મારું સમજી જજો.
હતી એ પળો જન્મો જન્મની મોઘમ,
સમજાય તો સમજી જજો.
ના રાખીશ મૌનની વચ્ચે દિવાલ,
સમજાય તો સમજી જજો.
પવનની લહેરખી સાથ ખુશ્બૂ ફેલાય.
સમજાય તો સમજી જજો.
ક્યારેક સમયની સાથ સમાધાન કરી લેજો,
સમજાય તો સમજી જજો.
વાત થાય તો કરી લેજો, સમય વીતી જશે,
સમજાય તો સમજી જજો.
ના કાંઈ આપણાં હાથમાં આવશે ,
સમજાય તો સમજી જજો.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

## NOG SS N0 : 0079

વિષય: શબ્દાર્થ

શીર્ષક: અર્થનો અનર્થ

પ્રવિણા કડકિઆ

હ્યુસ્ટન: ગદ્ય

શબ્દ અક્ષર ના સમુહ થી બને છે. હવે શબ્દોમાં કાનો, માત્રા,
હ્સ્વ ઇ કે ઉ અથવા દીર્ઘ ઈ કે ઊ ક્યાં ક્યારે લગાવવા એ
વિચાર માંગી લે તેવી વાત છે. તેને કારણે શબ્દો ના અર્થ નો
અનર્થ પણ થઈ જાય. ઘણીવાર શબ્દનો અર્થ જીવનનો રાહ
પણ બદલી શકે છે. યા મુશ્કેલી પણ સર્જી શકે છે. શબ્દનો માત્ર સ્થૂળ અર્થ ન સમજવો. ઘણીવાર તેનો ગૂઢ અર્થ
થોડામાં ઘણું બધું કરવાની ક્ષમતા ધરાવે છે. એક પ્રસંગનું વર્ણન
કર્યા વગર રહી શક્તિ નથી. નવી નોકરી માટે જવાનું હતું.
રસ્તામાં અકસ્માતમાં સપડાયેલી એક મહિલાને મદદ કરવા જતાં
મોડી પડી. 'મોડી પડી' એમ કહ્યું એટલે મારો ઈન્ટરવ્યું રદ થઈ ગયો.
નિરાશ વદને ઘરે આવી. સફાઈ આપવાનો કરવાનો મોકો ન મળ્યો.
ત્રણ દિવસ પછી એ જ કંપની માંથી ફોન આવ્યો. 'તમને નિયુક્ત કર્યા છે ' ! ( નોકરી મળી ગઈ )
મને મારા કાન પર વિશ્વાસ ન બેઠો.
અઠવાડિયા પછી રહસ્ય ખુલ્યું, જેને મદદ કરી હતી એ બોસની બહેન
હતી. શબ્દનો અર્થ દરેક જણ પોતાના મનઃ સ્થિતિ પ્રમાણે કરતા જોયા
છે. શબ્દાર્થ કરતી વખતે જે વ્યક્તિ એ શબ્દ વાપરે તેના સંજોગો જોવા
અગત્યના છે. ખબર હશે 'જાના થા જાપાન પહુંચ ગયે ચીન' જેવા હાલ
ન થાય'.
અર્થ, જેવા સામાન્ય શબ્દ નો અર્થ મતલબ, થાય. પૈસો થાય, આશય
થાય. તમે ક્યાં અને કેવી પરિસ્થિતિ પ્રમાણે વાપરો છો, એ અગત્યનું છે.
શબ્દાર્થ નો ભાવાર્થ એકદમ અલગ પણ હોઈ શકે. જે મુશ્કેલીમાં હોઈ
તો પ્રસંગની છણાવટ કરી યા વ્યક્તિ સાથે તેના વિશે ચોખવટ કરવી
જરૂરી છે. બાકી 'બંધ બેસતી પાઘડી પહેરી દુ:ખી થવાનો વારો આવે !
એવા સંજોગો આવે કે, " શબ્દાર્થ ના અર્થ નો અનર્થ થઈ જાય તો ઓથ
ગાયબ થાય".
૨૧મી સદીની કરૂણતા છે, પતિ અને પત્ની વચ્ચેનો 'કલહ' શબ્દના અર્થને
કારણે પણ થતા હોય છે. પરિણામ જગજાહેર છે, સીધી સાદી વ્યક્તિ □દયની વિશાળતાને કારણે શબ્દાર્થ પ્રત્યે દુર્લક્ષ સેવે છે.
સહજ અને સરળતાને કારણે શબ્દાર્થ પાછળની કટુતા તેના મનને ખલેલ
પહોંચાડી શકતી નથી. મજા તો ત્યારે આવે છે દસ જણા વચ્ચે બોલાયેલા
શબ્દોના, દસ જણા જુદા અર્થ તારવે છે.
૨૧મી સદીમા, જ્યાં દરેક જણાને, 'બધું આવડે છે", ત્યારે ખૂબ વિચારીને
શબ્દોનો પ્રયોગ કરવો રહ્યો. અગર પરિણામ માટે તૈયારી રાખવી. ડાહ્યા
માણસો ' ન બોલવામાં નવ ગુણ માને છે'.

---

## N O G : S S : No : 0082

વિષય : શબ્દ અને સુવાક્ય

પ્રકાર : ગદ્ય

શીર્ષક : જીવનમાં શબ્દની મધુરતા,

મન ,હ્રદય ,અને જીભનો ત્રિવેણી સંગમ એટલે શબ્દ,
કડવા વેણ થી કહેલ વાત, ચર્ચા કે સંવાદ ન ધાર્યું હોય તેવું કઠોર અને વિપરીત પરિસ્થિતિનું નિર્માણ કરે છે,
જીવનને સરળ અને મધુર બનાવવા વાણી પર સંયમ અને
મૂક એકાગ્રતા હોવી ખૂબ જ જરૂરી છે,
"શબ્દ વેધી બાણ" આ સંજ્ઞા વાચક લીટી આપણને ઘણું બધું કહી જાય છે,
એક ડોક્ટર નો દર્દી પ્રત્યે પ્રેમાળ શબ્દ,
એક શિક્ષક નો વિદ્યાર્થી પ્રત્યે પ્રેમાળ શબ્દ,
એક વકીલ અને જજ દ્વારા આરંભિત ચર્ચામાં ગુથેલ શબ્દો
અને શબ્દાવલી નો પ્રયોગ માનવીના જીવનમાં ખૂબ પ્રભાવ પાડે છે,
મૌન વ્રત અને સમય સંજોગ પ્રમાણે કહેલ બુધ્ધિ પ્રદ ટકોર એ
માનવને પીડા રહિત જીવન જીવવાની કળા શીખવે છે,
ચાણક્ય નીતિ નું આપણા જીવનમાં ખૂબ જ મહત્વ છે,
અર્થહિન શબ્દ પ્રયોગ , જરૂર વગરનો વાદ વિવાદ, કે શબ્દોની
ઉગ્ર ચર્ચા કરવાથી સામાજિક
માનહાનિ થવાના ખુબજ ચાન્સ રહેલા છે,
"મૂંગા મરો" જેવો અઘટિત શબ્દ પ્રયોગ જૂનાં જમાનામાં ખૂબ પ્રચલિત હતો,
સારા ઘરની જે સુકન્યા હોય તે
કડવા વખનાં ઘૂટ પીને પણ પોતાનાં કુલ અને પિયરની લાજ
જાળવે છે,
શબ્દે શબ્દે વણું છું હું એક ગીત
ન દુ:ખ છે ન રંજ ,માત્ર ભરી છે પ્રીત,
શબ્દ જો હોય પ્રીતમનો કે સંગીનીનો,
કાન શોધે છે એ શબ્દોની પ્રીત,
આંખોની મલક અને મુસ્કાનને
શબ્દ ની ચીડ,
નેણ હસે છે જોઈ ને તમને એમાં
શબ્દની ક્યા છે જંજીર

ડો અનિરુદ્ધ વ્યાસ

---

## N.O.G. S.S. No. 0102.

વિષય:-શબ્દાર્થ, શબ્દ એક કથા. (શબ્દોથી વેરઝેર અને સંબંધ) શબ્દોથી સાહિત્ય ની અનંત યાત્રા.

પ્રકાર:-ગદ્ય.

શીર્ષક:--શબ્દાર્થ ,શબ્દ એક કથા. વેરઝેર અને સંબંધ, શબ્દોથી સાહિત્યની અનંત યાત્રા.

ભગવાન શ્રી શંકરના ડમરુ માંથી ચૌદ શબ્દો નીકળ્યા જેને બ્રહ્મસૂત્ર ના નામે ઓળખવામાં આવે છે. માતા શ્રી સરસ્વતી શબ્દોની જનની છે .તેની કૃપા વિના શબ્દો બોલી ન શકાય.

આપણે મનોભાવ શબ્દો દ્વારા વ્યક્ત કરીએ છીએ, અને તેને દ્વારા જ જગતનો વ્યવહાર મૌખિક કે લેખિત સ્વરૂપે ચાલે છે.

શબ્દો તીરની જેમ કામ કરે છે . તે મડદાને પણ બેઠો કરે તેવી તાકાત એમાં છે. બત્રીસ દાંત વડે રક્ષાયેલી જીભ જો ભૂલ કરે તો તે બધા પડી જાય છે, અને સમજીને બોલે તો રાજગાદી ઉપર બેસાડે છે.

જો કોઈ સોરી બોલે તો માફી આપવામાં આવે છે, અને જો ડોક્ટર સોરી બોલે તો આંખમાંથી આંસુ નીકળી જાય છે. આ શબ્દોનો જાદુ છે.

એક શબ્દ અનેક અર્થોમાં યોગ્ય સમયે ,અને યોગ્ય ઉચાર દ્વારા તેના ઘણા અર્થો થતા હોય છે. શબ્દોના પર્યાય સંસ્કૃતમાં અમરકોશમાં આપવામાં આવેલા છે.

શબ્દો પ્રેમના પ્રતીક છે. પ્રેમથી વ્યક્ત કરવામાં આવેલા શબ્દો બલિદાન અને સમર્પણ આપી જાય છે. દુનિયામાં બધા જ માણસો આજે આ પ્રમાણે એકબીજાથી જોડાયેલા છે અને આજે મોબાઈલથી પણ આપણે ચોવીસ કલાક આ પ્રકારના વ્યવહાર થી એકબીજાની સાથે જોડાયેલા છીએ.

કૈકઇ ના શબ્દો એ રામાયણ ,દ્રૌપદીના શબ્દોએ મહાભારત અને કૃષ્ણ દ્વારા ગીતાની રચના થઈ. આ પણ શબ્દનો પ્રભાવ છે.

ઋષિ-મુનિ ,સંતો, નેતાઓ,મા-બાપ ,વડીલો ,મિત્રો વગેરેના શબ્દો માનવ જીવનમાં અનેક પ્રેરણા, પરિવર્તન અને પ્રગતિના સૂચક બને છે.

શબ્દોદ્વારાવેદપુરાણ,સાહિત્ય ,સંગીત ,કલા ,નાટકો ફિલ્મો, પુસ્તકો વગેરેની હૃદયસ્પર્શી રચનાઓ જોવા મળે છે.

શબ્દોનો સારો ઉપયોગ જીવનને ઉત્તમ બનાવે છે અને ખરાબ ઉપયોગ જીવનને દુ:ખમાં ધકેલી દે છે. સારા શબ્દોનો ઉપયોગ કરી આનંદ અનુભવો.

રતીલાલ વાયડા, નવી મુંબઈ.




આજરોજ તા.૨૮-૦૯-૨૦૨૧ નાશુભ દિવસે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર (વેરાવળ) પ્રાંગણમાં બંસીધર સ્ટુડિયો અને મિત્રો દ્વાર દર પાંચ વર્ષે × લોકસંગીત -કલાવારસો એવોર્ડ - - - ૨૦૨૧ આયોજકો તરફથી ગુજરાતના કલાકારો નુ સન્માન સમારોહ નુ ભવ્ય આયોજન કરવામાં આવેલ જેમાં પાલનપુર ના રંગત રેકોર્ડિંગ સ્ટુડિયો ના શ્રી અમિત બારોટ નુ શ્રેષ્ઠ સંગીત કાર તરીકે એવોર્ડ ૨૦૨૧ આપી સન્માનિત કરૈલ. સાથે શ્રેષ્ઠ દિગૅદશૅક તરીકે પાલનપુર ના શ્રી ફારુકભાઈ ગાયકવાડને પણ સન્માનિત કરવામાં આવ્યાં.

તેમાં કાર્યક્રમ ના અતિથિ વિશેષ તરીકે શ્રી સી.આર.પાટીલ સાહેબ-- ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી ઉપસ્થિત રહી કલાકારોને પ્રોત્સાહન આપ્યું.

આમ બન્ને કલાકાર મિતરોએ બનાસકાંઠા ને ઉતર ગુજરાત નુ ગૌરવ વધાર્યું છે. જય બનાસ.જય કલાવારસો.જયગુજરાત

# ૨ ઓકટોબર, ગાંધી જયંતી અને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ



## મારું જીવન એ જ મારો સંદેશ : મહાત્મા ગાંધી

વિશ્વ વિભૂતિ ગાંધીજીનો જન્મ તારીખ ૨ ઓક્ટોબર, ૧૮૬૯નાં રોજ સૌરાષ્ટ્રનાં પોરબંદરમાં માતા પૂતળીબાઈની કૂખે થયો હતો. એમના પિતા શ્રી કરમચંદ ગાંધી રાજયનાં દીવાન હતા. પાંચ વર્ષની ઉંમરે બાળક મોહન ગાંધીને પોરબંદરની શાળામાં અભ્યાસ માટે મૂકવામાં આવ્યા પરંતુ એ વર્ષે પિતા શ્રી કરમચંદ ગાંધીની બદલી થતાં એમનું કુટુંબ રાજકોટ આવ્યું એટલે એમણે રાજકોટમાં પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું અને તેઓ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં દાખલ થયા. આ સમયે એમની ઉંમર બાર વર્ષની હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને યાદ કરતા જ આપણી નજર સમક્ષ એક સેવા ભાવિ સંત, સત્યનાં પૂજારી, અહિંસાનાં ઉપાસક, એક વિશ્વમાનવનું ચિત્ર ઉપસી આવે છે. ઈ. સ. ૧૮૮૭માં ગાંધીજીએ મેટ્રીક પરીક્ષા પાસ કરી અને ભાવનગરની શામળદાસ કોલેજમાં પ્રવેશ મેળવ્યો, પણ અહીં એમને ફાવ્યું નહીં, ત્યાર બાદ ગાંધીજી વિલાયત વકીલાત ભણવા માટે ગયા, અહીં એમને ઘણી તકલીફ પડવા લાગી, અંગ્રેજીમાં બરાબર બોલતા એમને આવડતું નહોતું, જમવાની પણ મોટી સમસ્યા હતી. તેમણે માંસાહાર નહીં કરું એવી પ્રતિજ્ઞા લીધેલ હતી તેથી ત્યાં શાકાહારી ભોજન શોધવામાં ખુબ મુશ્કેલી પડતી હતી. છેવટે એમણે એક ફેરીંગન્દન સ્ટ્રીટમાં શાકાહારી રેસ્ટોરંટ જોયું અને ઘણા દિવસો પછી પેટ ભરીને જમવા મળ્યું. વિલાયતમાંથી ગાંધીજી બેરિસ્ટર થઈ ભારત આવ્યા. તેઓને વિલાયત મોકલવા માટે જેમણે મદદ કરી હતી એવા મોટાભાઈ અને બાને મળવા માટે આતુર હતા. પણ બા તો અવસાન પામ્યા હતા. અહીં એમને ન ફાવ્યું એટલે તેઓ પાછા દક્ષિણ આફ્રિકા ગયા અને રંગભેદની નીતિનો વિરોધ કરતા અંદોલનો કર્યા. સન ૧૯૧૯માં બ્રિટીશ સરકારે રોલેટ બીલ પસાર કર્યું કે સરકારનો કોઇપણ જાતનો વિરોધ કરનારને સરકાર ન્યાયપાલિકાને જણાવ્યા વગર સીધી જ કેદ કરી શકે. આ બીલના વિરોધમાં ગાંધીને એવું પગલું ભરવા મજબુર કર્યા કે જેથી અંગ્રજો સાથે તેમના સંબંધ પર પૂર્ણવિરામ મુકાઇ ગયું. ગાંધીએ સત્યાગ્રહનું એલાન કરી દીધું જે પછી તરત આખા દેશમાં ચોતરફ હિંસા ફાટી નીકળી તેવામાં જ અમૃતસરમાં જલિયાવાલા બાગ હત્યાકાંડ થયો ત્યારબાદ બારડોલી સત્યાગ્રહ, ખેડા સત્યાગ્રહ, ચંપારણ સત્યાગ્રહ, દાંડીકુચ, અસહકારની લડત જેવા તમામ અહિંસક પ્રયત્નોથી ગાંધીજીએ ભારત દેશને આઝાદ કરાવ્યો. તેઓ કાયમ સત્ય અને અહિંસાનાં પથ પર જ ચાલ્યા હતાં. તે કહેતા કે સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું, સત્યમય થવાને સારું અહિંસા એ જ એક માર્ગ છે. મનુષ્ય જયાં લગી સ્વેચ્છાએ પોતાને સૌથી છેલ્લો ન મુકે ત્યાં સુધી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે અને નમ્રતા વિના મુક્તિ કોઈ કાળે નથી એ અનુભવ સિધ્ધ વાત છે. ગાંધીજીનાં જન્મ દિવસને "અહિંસા દિવસ" તરીકે પણ મનાવવામાં આવે છે.આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ દર વર્ષે ૨ ઓક્ટોબરના રોજ, મહાત્મા ગાંધીના જન્મદિવસ પર ઉજવવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૦૪માં, ઈરાની નોબેલ વિજેતા શિરીન ઈબાદીએ મુંબઈનાં વર્લ્ડ સોશિયલ ફોરમમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ભણાવતા પેરિસનાં એક હિન્દી શિક્ષક પાસે આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ વિચાર ધીમે ધીમે ભારત સરકારનાં નેતાઓનું ધ્યાન આકર્ષિત કર્યું ત્યારબાદ લાંબી જેહમત બાદ ૨ ઓક્ટોબરે ગાંધીજીનાં જન્મદિવસે અહિંસા દિવસ ઉજવવાનું નક્કી થયું.

ભારતને આઝાદી તરફ દોરી જવામાં મદદ કરનાર મહાત્મા ગાંધી વિશ્વભરમાં નાગરિક અધિકાર અને સામાજિક પરિવર્તન માટે અહિંસક આંદોલન માટે પ્રેરણારૂપ છે. તેમના સમગ્ર જીવન દરમ્યાન, દમનકારી પરિસ્થિતિઓમાં અને મોટે ભાગે અનિર્ણનીય પડકારોનો સામનો કરીને પણ ગાંધી અહિંસા પ્રત્યેની તેમની માન્યતા માટે કટિબદ્ધ રહ્યા.

મિત્તલ ખેતાણી

# જન આશીર્વાદ યાત્રાને પશુપાલન મંત્રીશ્રી દેવાભાઈ માલમે સાણંદ તાલુકાથી પ્રસ્થાન કરાવ્યું



આજથી સમગ્ર રાજયમાં શરૂ થયેલી જન આશીર્વાદ યાત્રાના પ્રથમ દિવસે અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકાના સરી મટોડા ગામથી યાત્રાનું પ્રસ્થાન પશુપાલન મંત્રી શ્રી દેવિભાઈ માલમે કરાવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી શ્રી એ જણાવ્યું હતું કે અત્યારે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે રાજ્ય સરકાર સૌના ×સાથ - સૌના વિકાસના× સૂત્રને સાર્થક કરે છે. જન-જનની ભાગીદારીથી પ્રજાલક્ષી વિકાસ કામોની વણથંભી વિકાસ યાત્રા અવિરતપણે વહેતી રહી છે. શહેર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા નાગરિકોની સુરક્ષા અને રોજગારીની ખાત્રી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

શિક્ષણ સાથે રોજગારલક્ષી તાલીમ મળી રહે એ માટે રાજ્ય સરકારની અનેકવિધ સહાયકીય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકાના સરી મટોડા ગામથી શરૂ થયેલી યાત્રા બાવળા,કેરાળા, મોગલધામ દર્શન કરીને ધોળકા તાલુકામાં આવેલાંગણપતિપુરા મંદિર દર્શન,અરણેજ બુટભવાની માતાજી મંદિરના દર્શન, વટામણ ગામે સભા ત્યાંથી બોરુ- નાગાલાખાની જગ્યા પર રોકાયા બાદ ધોલેરા તાલુકાના પીપળી, ધોલેરા સ્વામિનારાયણ મંદિર,અને છેલ્લે બાવળિયાળી ખાતે સમાપન થશે. આ પ્રસંગે સાણંદ તાલુકાના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હર્ષદગિરી ગોસ્વામી, પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રભારી શ્રીમતી વર્ષાબેન દોશી, અમદાવાદ જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીના શામળાજી ખાતે મંદિર પરિસર, રસ્તાઓ અને સમગ્ર વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૧લી થી ૩૧ ઓક્ટોબર સુધી પુજ્ય મહાત્મા ગાંધીજીનો સ્વચ્છતાનો સંદેશ ફેલાવાશે. જેમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સ્વચ્છ ભારત મિશન તા. ૧ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર સુધી અલગ અલગ કાર્યક્રમો દ્વારા સ્વચ્છ ભારત મિશન જનભાગીદારી દ્વારા અમલી બનાવવામાં આવશે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાને સ્વચ્છ બનાવવાના હેતુથી શામળાજી ખાતે મંદિર પરિસર, રસ્તાઓ અને સમગ્ર વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું. જેમાં શામળાજીના અનેક સ્થળો પર સ્વચ્છ અભિયાન ટીમ દ્વારા પડેલ જૂની વસ્તુઓ, કચરો, મોટા પાયે પડી રહેલા પૂંઠાઓનો નિકાલ કરવામાં આવ્યો. તેમજ સ્વચ્છ ભારત મિશનને સાકાર કરવાના સપનાને લઈને શામળાજીમાં જુદા-જુદા સ્થળોએ વૃક્ષારોપણ પણ કરાયું હતું.

ભારતના ૨.૫૦ લાખ ગામડાઓ અને ૭૪૪ જિલ્લાઓમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠન અને એન.એસ.એસ વિદ્યાર્થીઓ દ્વારા ઘેર-ઘેર પહોંચીને કચરો અને પ્લાસ્ટીક એકઠુ કરવામાં આવશે. આ સાથે જળસ્ત્રોતોની સાફ સફાઈ પણ કરવામાં આવશે. ગામડાઓના બ્યુટીફીકેશનનું કામ કરવામાં આવશે તેમજ હેરિટેજ સાઇટની પણ સાફ સફાઈ કરવામાં આવનાર છે. યાત્રાધામો, શૈક્ષણિક સંકુલો, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, નેશનલ હાઈવે, સ્થાપત્યો, મંદિરો ધાર્મિક સ્થળો હોસ્પિટલ અને પિવાના પાણીના સ્ત્રોતોની પણ સાફ સફાઈ કરવામાં આવનાર છે. આ ૩૧ દિવસ દરમિયાન સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘેર ઘેર સ્વચ્છતાનો સંદેશો ફેલાવી દેશના છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કામ જિલ્લા કલેકટરશ્રીઓ તેમજ સ્થાનિક નગરપાલિકા, શહેરી વિસ્તારો દરેક શેરી મહોલ્લાની જગ્યાએ યુવાનો દ્વારા ખાસ અભિયાન ચલાવીને જાગૃતિ ફેલાવવા પ્રયાસ કરવામાં આવશે. તેમજ કચરો ડોર ટુ ડોર કલેકશન કરીને પધ્ધતિસરનો નિકાલ કરવામાં આવશે જેમાં યુવાનો પ્રબુધ્ધ નાગરિકો સ્વૈચ્છિક સંસ્થાઓ સંગઠનો ચુંટાયેલા પદાધિકારીઓ સ્વચ્છ ભારત મિશનમાં સામેલ થઈ સહયોગ આપવા નમ્ર અપિલ કરવામાં આવી છે.

# World Rabies day નિમિત્તે અનેક જગ્યાએ લોક જાગૃતિ માટે અભિયાન ચલાવવામાં આવ્યું



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ અરવલ્લી જિલ્લામાં એક ખાસ અને મહત્વની ઝુંબેશ ચલાવવામાં આવી છે. ૨૮ સપ્ટેમ્બર એટલે World Rabies day. આ દિવસે અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે કાર્યરત એવી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સના ડોક્ટર અને પાયલટ દ્વારા સ્કૂલોમાં તથા ગામ માં જઈને rabies એટલે હડકવા વિષેની માહિતી આપવામાં આવી હતી. તેની સાથે અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓના ગામ જેવા કે ભેરુન્ડા, મોટી ઈસરોલ, નાણાં, રણેચી, ટાકા ટૂકા, કુસ્કી, સુનોખ, અણીયોર, સીમલી, બોરોલ, નવાગામ, રમોસ, કુણોલ, કાનેરા વગેરે જેવા લોકેશન મા કાર્યરત એવા દસ ગામ દિઠ હરતાંફરતાં પશુ દવાખાનાના ડોક્ટર અને પાયલટ દ્વારા ગામજનોને અને સ્કૂલના વિદ્યાર્થીઓ ગામજનો ને હડકવા વિષે જાગૃતિ આપવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાના પ્રોજેક્ટ કો-ઓડીનેટર શ્રી પ્રદીપ પરમારના જણાવ્યા પ્રમાણે, આ જાગૃતિ અભિયાન ચલાવવાનો હેતુ એજ હતો, કે આ હડકવા એ વાઈરસ જન્ય રોગ છે. વિશ્વમા આ રોગ ની કોઈ દવા નથી માત્ર ને માત્ર રસીકરણ દ્વારા જ આ રોગ ને અટકાવી શકાય છે. એટલે દરેક ખેડૂત મિત્ર ને પોતાને અને પોતાના પાલતું પશુઓને આ રોગ થી બચાવવા માટે પહેલાં થી જ રસીકરણ કરાવી લેવું જોઈએ. અથવા જો હડકવા ના કોઈ પણ લક્ષણો પોતાને અથવા પોતાના પશુમાં દેખાય તો તરત જ ડોક્ટર નો સંપર્ક સાધીને સારવાર કરાવવી જોઈએ.

## અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારના સરપંચે મહિલાને બેફામ ગાળો બોલી

# મહિલા સાથે દુષ્કર્મ આચાર્યું હોવાની શેખી મારતો ઓડિયો થયો વાયરલ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના એક તાલુકામાં એક મહિલા અને સરપંચ વચ્ચેના સનસનીખેજ વાર્તાલાપનો ઓડિયો વાયરલ થયો છે. આ ઓડિયો સામાજીક અને રાજકીય આલમમાં જાણે ભૂકંપ સર્જી બેઠો હોય તેમ ચોંકાવી રહ્યો છે. ઓડીયોમાં વાત કરનાર પુરૂષ હોદ્દાની રૂએ સરપંચ છે જ્યારે સામે પીડિત મહિલા છે.(સરપંચ અને મહિલા વચ્ચે થયેલ બીભસ્ત શબ્દ પ્રયોગ અને સરપંચ મહિલાને ગંદી ગાળો આપતો ઓડીયો મેરાન્યુઝ પાસે છે પણ અહી દર્શાવી શકાય તેમ નથી)

વાતચીતની શરૂઆત સામાન્ય ચર્ચાથી થયા બાદ ગણતરીની સેકન્ડોમાં સરપંચ અત્યંત ગંદી ગાળો બોલી રહ્યા છે. જ્યારે અન્ય એક ઓડિયોમાં સરપંચ દુષ્કર્મની કબૂલાત કરી રહ્યા હોવાનું સાંભળવા મળતાં ખળભળાટ મચી ગયો છે.

અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતમાં અનેક ચર્ચાસ્પદ વીડિયો અને ઓડિયો વાયરલ થઇ ચૂક્યા છે. જોકે અરવલ્લી જીલ્લાના એક તાલુકાના ગામે જમીનની લે-વેચ દરમ્યાન થયેલી

માથાકૂટ મોટો રાજકીય ભૂકંપ લાવે તે હદે પહોંચી હોવાનું વાયરલ થયેલા ઓડિયો આધારે સામે આવ્યુ છે. એક મહિલાએ પોતાની સાથે ખરાબ કૃત્ય થયુ હોવાનું અને જમીન પડાવી લીધા સંદર્ભે રજૂઆત કરી હતી. જેમાં સ્થાનિક પોલીસ સ્ટેશને અરજી આપ્યા બાદ સામુહિક આપઘાતની પણ મુખ્યમંત્રી કાર્યાલય સમક્ષ ચિમકી આપી હતી. આ રજૂઆતના સમયગાળા દરમ્યાન મહિલાને ફોન ઉપર ભયંકર હદે ગાળો બોલતાં અને દુષ્કર્મનું જણાવતાં ઓડિયો વાયરલ થતાં સનસની મચી ગઇ છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, જમીન વેચાણ બાબતે મહિલા અને સ્થાનિક સરપંચ સંપર્કમાં આવ્યા હતા. આ દરમ્યાન કોઇ કારણસર જમીન લે-વેચમાં પ્રશ્નો ઉપસ્થિત થતાં ઘટનામાં ચોંકાવનારી બાબતોનો ઘટસ્ફોટ થયો છે. જેમાં રાજ્યકક્ષાના દિગ્ગજ સહકારી આગેવાન માટે જમીન લેવા સહયોગી બનેલા સરપંચ ફોન ઉપર મહિલાને બેફામ ગાળો બોલે છે. સૌથી મોટી વાત એ છે કે, સરપંચ ચૂંટાયેલા પ્રતિનિધિ હોવા છતાં કાન ફાડી નાંખે તેવી ગંદી અને અત્યંત ખરાબ ગાળો બોલે છે. આ વાતનો એક ઓડિયો

તાની સાથે કેટલાક ઇસમોએ દુષ્કર્મ કર્યાનું જણાવતાં સરપંચ આક્રોશમાં આવીને પોતે પણ દુષ્કર્મ કર્યુ છે જા, શું કરીશ ? તેવુ બોલતાં હોવાનું સંભળાય છે.

પીડિતાએ સ્થાનિક પોલીસથી માંડી કલેક્ટર, જીઁ અને મુખ્યમંત્રી બાદ કોર્ટના દ્વાર ખખડાવ્યા પંથકમાં વાયરલ થયેલા ઓડિયો બાબતે વિગતો મેળવતાં ખળભળાટ મચાવી દે તેવી વિગતો સામે આવી છે. જેમાં પીડિત મહિલા સાથે એકથી વધુ ઈસમોએ એકથી વધુ વખત દુષ્કર્મ કર્યુ હોવાનું ખુદ મહિલા જણાવી રહી છે. જેમાં પોલીસ ફરીયાદ દાખલ કરવા મથી રહેલી મહિલાએ આખરે હાઈકોર્ટમાં રજૂઆત કરી છે. આ તરફ ઉપલી કક્ષાએથી રજૂઆતની વિગતો મળતાં સ્થાનિક પોલીસ સ્ટેશને અરજીની નોંધ પાડી મહિલાનું નિવેદન મેળવવા કવાયત હાથ ધરી છે.

સફેદ ડગલાધારી સહકારી અગ્રણીનું મહોરું બની સરપંચે આપી અભદ્ર ગાળો...

સહકારી ક્ષેત્રે મોટી નામના ધરાવતા સફેદ ડગલાધારી નેતાજી ના પુત્રએ પીડિત મહિલા ની થોડી ઘણી જમીન વેચાતી રાખી હતી.પરંતુ સોનાની લગડી સમાન બાકીની જમીન પર અગ્રણીના પુત્રની કાળો ડોળો ભમતો હોવાથી આ જમીન લેવા તેણે પ્રયાસો શરૂ કરી દીધા હતા પરંતુ આ મહિલા જમીન વેચવા સહેલાઈથી તૈયાર ન હોવાનું જણાતા જમીન શામ,દામ, દંડ અને ભેદ થી હસ્તગત કરવા જે તે વિસ્તારના સરપંચ ને જવાબદારી સોંપવામાં આવી હતી.એટલેકે ચોક્કસ કહી શકાય કે સમગ્ર ઘટના પાછળ સહકારી અગ્રણી ના પુત્ર ને પિતાના નામના પીઠબળ થી જ આ પ્રકારના કાળા કૃત્ય કરવા પ્રેરણા મળી હોય

# મોડાસા ટાઉન પોલીસે ટ્રાફિક અમલવારી માટે ડંડો ઉગમતા રાજમાર્ગોનું અસ્તિત્વ દેખાયું, વાહનચાલકો અને લારીઓ ડિટેઇન

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થતા લોકો માટે માથાનો દુખાવો બની રહેતા રાહદારીઓ અને વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે મોડાસાના રાજમાર્ગો પર લારી-ફેરિયાઓ અને પાથરણાવાળાઓએ અડધા રોડ સુધી કબ્જો જમાવી દેતા અને વાહનચાલકો મનફાવે તેમ આડેધડ પાર્કિંગ કરવાના પગલે ટ્રાફિકજામ દ્રશ્યો છેલ્લા કેટલાક વર્ષો થી યથાવત રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા પોલીસતંત્ર અને નગરપાલિકાની નબળી કામગીરી થી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે બુધવારે ટાઉન પોલીસ અને નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસા શહેરના મુખ્યમાર્ગ પર ટ્રાફિક અમલવારી અંગે પોલીસતંત્ર દ્વારા શક્ષ કાર્યવાહી કરતા શહેરના રાજમાર્ગોનું અસ્તિત્વ દેખાતા અને ટ્રાફિક સમસ્યા હલ થતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો શહેરના અગ્રણીઓમાં ટાઉન પોલીસ અને નગરપાલિકાની ટ્રાફીક નીયમન કામગીરી કેટલા દિવસ ચાલશે તે અંગે ચર્ચાનો વિષય બન્યો છે

મોડાસા ટાઉન પીઆઈ નીતિમીકા ગોહીલની રાહબળી હેઠળ મોટી સંખ્યામાં પોલીસ કાફલો અને નગરપાલિકા ચીફ ઓફીસર જીજ્ઞેશ બારોટ અને કર્મચારીઓએ શહેરના મુખ્યમાર્ગો પર ઉતરી પડી ટ્રાફિક ઝુંબેશ હાથધરાતા શહેરીજનોએ આવકારી હતી માર્ગ પર અડચણરૂપ વાહનો અને લારી-ફેરિયાવાળાઓમાં દોડાદોડી થઇ હતી ટાઉન પોલીસે લારી ફેરિયાવાળા અને પથારાવાળા લોકોને રોડ પર દોરેલ સફેદ પટ્ટાથી બહાર ન ઉભા રહેવા તાકીદ કરી હતી

મોડાસા શહેરના મુખ્યમાર્ગો ચાર રસ્તા થી મખદૂમ ચોકડી,ડીપ રોડ,મેઘરજ રોડ અને માલપુર રોડ પર અડિંગો જમાવી ઉભા રહેતા શાકભાજી,ફ્રૂટ સહીત કટલરી ચીજવસ્તુઓ વેંચતા લારી-ફેરિયાવાળા અને પાથરણા વાળાઓ અડધા રોડ ને બાનમાં લેતા અને મોડાસા શહેરમાં કામકાજ અર્થે આવતા વાહનચાલકો શોપિંગ સેન્ટર બહાર મનફાવે તેમ આડેધડ વાહન પાર્ક કરી જતા રહેતા ગંભીર ટ્રાફિક સમસ્યા ઘર કરી જતા માર્ગો પરથી પસારથતા દૈનિક વાહનચાલકો અને પગપાળા પસારથતા શહેરીજનો ટ્રાફિકની અવ્યવસ્થાનો સામનો કરવો પડતા લોકો તોબા પોકારી ઉઠતા ટ્રાફિકની સમસ્યા અંગે પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને આઈજી સુધી રજુઆત થતા ટાઉન પોલીસતંત્ર હરકતમાં આવી લારી-ફેરિયાવાળા,પાથરણા વાળા અને આડેધડ પાર્કિંગ કરતા વાહનચાલકો સામે શક્ષ કાર્યવાહી કરતા મુખ્યમાર્ગો પહોળા બનતા અને ટ્રાફિકની સમસ્યા હલ થતા શહેરીજનોએ હાશકારો અનુભવ્યો હતો



અત્રે ઉલ્લેખનીય છેકે જિલ્લા પોલીસવડા સહીત મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં અને ટ્રાફિક પોલીસ અધિકારી દ્વારા શહેરની ટ્રાફિક સમસ્યા હલ કરવા શક્ષ કાર્યવાહી બાદ અમુક સમયબાદ ભુલાઈ જતી હોવાથી સમસ્યા ઠેરની ઠેર જોવા મળે છે

મોડાસા શહેરના રાજમાર્ગો પર દુકાનદારો લારી-ફેરિયાઓ પાસે થી દૈનિક હપ્તો લઈ છત્રછાયા પુરી પાડતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી દુકાનદારો તેની દુકાન બહાર જગ્યા પ્રમાણે દૈનિક રૂ.૩૦૦ થી રૂ.૫૦ લારી-ફેરિયાવાળા પાસેથી ઉઘરાવતા હોવાનું એક ફેરિયાએ નામ ન આપવાની શરતે જણાવી દુકાનદારો અને પોલીસતંત્ર દ્વારા શોષણ થતું હોવાનો સનસનીખેજ આક્ષેપ પણ કર્યો હતો લારી-ફેરિયાઓ પાસેથી હપ્તો ઉઘરાવતા દુકાનદારો સામે દંડનીય કાર્યવાહી કરવાની માંગ લોકોએ કરી હતી

# ગુજરાત જાગીરદાર ક્ષત્રિય સમાજના પ્રમુખ શ્રી ભરતસિંહ બીહોલા આમ આદમી પાર્ટીમા જોડાયા




શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગાર, ખેતી, વીજળી, પાણી, વેપાર અને ભ્રષ્ટાચારમુક્તિના મુદ્દે વ્યવસ્થા પરિવર્તન કરવા ગુજરાતના ખુણે ખુણેથી લોકો આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે ત્યારે આજે ગાંધીનગર ખાતે ગાંધીનગરના મહત્વ પૂર્ણ વ્યકતી અને જેઓ અમીત શાહ દ્વારા ભારતીય જનતા પાર્ટીમા જોડાયા હતા અને જેઓ કોંગ્રેસમા પણ પૂર્વ જીલ્લા મહામંત્રી રહી ચુક્યા છે અને ગુજરાત જાગીરદાર ક્ષત્રિય રાજપુત સમાજના પ્રમુખ છે

ગાંધીનગર શિક્ષક શરાફી મંડળીના ચેરમેન તરીકે સેવા આપી રહયા છે અને અનેક પ્રકારની સામાજિક અને શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ માનનીય શ્રી ભરતસિંહ બીહોલા આજ રોજ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ નેતા શ્રી ઈસુદાન ગઢવી, પ્રદેશ નેતા શ્રી મહેશ સવાણી દ્વારા વિધીવત રીતે શ્રી ભરતસિંહ બીહોલાને ખેસ અને ટોપી પહેરાવી આમ આદમી પાર્ટીમાં સ્વાગત કર્યુ હતું.

આ સાથે છત્રસિંહ ચાવડા,પ્રવિણસિંહ વાઘેલા , મહેન્દ્ર સિંહ રાઠોડ, કિરીટભાઈ ગઢવી, સમિરસિંહ બિહોલા,ધર્મેન્દ્રસિંહ વાઘેલા પણ આમ આદમી પાર્ટીમાં વિધીવત રીતે જોડાયા હતા. આ પ્રત્રકાર પરીષદમાં પ્રદેશ સંગઠન મંત્રી શ્રી હસમુખ પટેલ, જિલ્લા પ્રમુખ શ્રી મુકેશ પટેલ,શહેર પ્રમુખ શ્રી જીતેન્દ્ર ધરવાડિયા પણ ઉપસ્થીત રહયા હતા.

# માણાવદર સહકારી મંડળીની વાર્ષિક સભા ૧૬ લાખનો નફો અને ૧૨ ટકા ડિવિડંન્ડ




માણાવદર સેવા સહકારી મંડળીની ૬૫ ની વાર્ષિક સાધારણ સભા પટેલ સમાજના સભાગૃહમાં મંડળીના પ્રમુખ દેવજીભાઇ ઝાટકીયા ના પ્રમુખપદે મળી હતી સભામાં છેલ્લા ૪૦ વર્ષથી મંડળીના મંત્રી પદે રહેલા મોહનભાઈ પરસાણીયા નું કોરોના ના કારણે અવસાન થતાં સભામાં બે મિનીટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.સભામાં કારોબારી સભ્ય વિજયભાઈ ઝાટકીયાએ મંડળી ના હિસાબો રજૂ કર્યા અને તેમાં મંડળીએ કરેલ રૂપિયા ૧૬ લાખનો નફો તેમજ સભાસદોને ૧૨% ડિવિડંન્ડ આપવાનું જાહેર કરેલ સભાસદોએ આવકારેલ.

સભાના પ્રમુખ દેવજીભાઈ એ મંડળી નો ઈતિહાસ અને થયેલ પ્રગતિનું આંકલન કરી જણાવ્યું કે આજે આપણી આ સંસ્થા માત્ર મંડળી જ નહી પણ બેક્ર છે આપણા સભ્યોને છેલ્લા દસ વર્ષથી આપણા ભંડોળમાંથી ધિરાણ કરીએ છીએ અને ૪૨ લાખના કૃભકો અને ઈફકો ના શેર ધરાવતા હોવાથી તેના ડિવિડન્ડ થકી મોટો નફો થાય છે.

દેવજીભાઈ એ આ તકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ નો આભાર માનતા જણાવ્યું કે ખેડૂતોને વગર વ્યાજે ધિરાણ મળે છે જે અગાઉ ૧૪ ટકા એ લેવું પડતું હતું તેઓએ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા નું વચન આપ્યા મુજબ આપણી મગફળી નહી પણ તેનું તેલ બમણી કિંમતનું અને કપાસિયા નહીં પણ તેનો ખોળ ૯૦૦થી ૧૮૦૦ ગુણીના થઈ ગયા છે અંતે સહુનો આભાર માની સભા પૂરી થયેલી હતી

અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

# અરવલ્લી કલેક્ટર કચેરી ખાતે પ્રભારી સચિવશ્રીની અધ્યક્ષતામાં "Good Governanace"ની સમીક્ષા બેઠક યોજાઈ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્ય સરકારશ્રીના વિવિધ વિભાગોની લોક કલ્યાણકારી યોજનાઓ પરત્વે અગ્રેસર રીતે "Good Governanace" થકી લોકાભિમુખ વહીવટ બાબતે "District Plan" તૈયાર કરવા સુચન કરાયું હતું.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના કલેકટર કચેરી ખાતે જીલ્લા પ્રભારી સચિવશ્રી રૂપવંતસિંહની અધ્યક્ષતામાં તથા જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની ઉપસ્થિતિમાં "Good Governanace"ની સમીક્ષા બેઠક યોજાઈ.

જેમાં જીલ્લાની લોક કલ્યાણકારી વહીવટ પરત્વે સતતપણે આયોજન, અમલીકરણ, અસરકારક નિરીક્ષણ તેમજ ટેકનોલોજીના માધ્યમથી લોકોની સુવિધામાં વધારો થાય અને વહીવટી સેવાઓનું સરલીકરણ થાય તે સારૂ જીલ્લાના કાર્યક્ષેત્ર હેઠળની કામગીરી સંદર્ભે હાલમાં કાર્ય કરવાની પધ્ધતિમાં સુધારણાનો અવકાશ, સુધારણા થકી વહીવટી સેવાઓના સરલીકરણ અને સુચનો સહિત યોજના/સેવાઓનું ટૂંકું પ્રેઝન્ટેશન(PPT) મારફતે જીલ્લામાં કરેલા જુદા-જુદા કામોની વિગતોની ચર્ચા તથા દરેક અધિકારીશ્રીઓ દ્વારા કરેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

આ બેઠકમાં જીલ્લા પ્રભારી સચિવશ્રી રૂપવંતસિંહે જણાવ્યું કે, અરવલ્લી જીલ્લામાં ચાલતા બિઝનેસ પ્રોસેસને લગતા સેન્સેટીવીટી મુદ્દાઓને ધ્યાને લેવા, ટેકનોલોજીનો વધારેમાં વધારે ઉપયોગ કરવો, છુટા છવાયા ગામોને ઉપર લાવવા, પુરવઠાને ધ્યાને લગતા સેન્સેટીવ મુદ્દાઓની તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માહિતી આપી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે, જીલ્લામાં ચાલતા જટિલમાં જટિલ પ્રશ્નોની દરેક અધિકારીશ્રીઓ જોડે ચર્ચા કરી, તેમજ ગ્રામ્ય કક્ષાના છેવાડાના ગામો જે સરકારની વિવિધ યોજનાઓના લાભથી વંચિત રહે છે. તેવા ગામડાઓના લોકોની યાદી બનાવવી અને તેમને સરકારની વિવિધ યોજનાઓથી વંચિત ન રહે અને તેમણે દરેક લાભ મળે તેવી કામગીરી કરવા સુચનો કર્યા હતા.

આ બેઠકમાં જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયાએ પણ જીલ્લાના અધિકારીશ્રીઓને સુચનો કર્યા કે, સરકારની "Good Governanace"ની બાબતોને ધ્યાને લઈને જીલ્લામાં ચાલતા જટિલ પ્રશ્નોનું નિરાકરણ લાવવું, તેમજ પ્રજાને મળતા લાભો અપાવવા તેવી અનેક બાબતોથી વાકેફ કર્યા હતા. આ બેઠકમાં અરવલ્લી જીલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી દાવેરા, ડી.વાય એસ.પી.શ્રી, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી ડોડીયા, પોલીસ અધિકારીશ્રી, ઝઢજી અધિકારીશ્રી, આયોજન અધિકારીશ્રી, તેમજ જીલ્લાના અન્ય વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.